dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ


SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 146 | AD - 2025, Fagan Sud- 02 | Saturday, Dt.01-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00







## સેન્સેક્સમાં ૧૪૧૪ પોઈન્ટ અને નિફ્ટી-૫૦માં ૪૨૨ પોઈન્ટનો ઘટાડો

# વૈશ્વિક વેપાર તણાવ અને ટેરિફ યુદ્ધને કારણે ભારતીય શેરબજારમાં કડાકો

મુંબઈ,તા.૨૮

વૈશ્વિક વેપાર તણાવ અને ટેરિફ યુદ્ધને કારણે ભારતીય શેરબજાર સતત ઘટી રહ્યું છે. શુક્રવારે, અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે, શેરબજારમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. નિફ્ટી-૫૦ અને સેન્સેક્સ તેમના ઉચ્ચતમ સ્તરથી ૧૬ ટકા ઘટ્યા છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ આજે ૧.૯૦ ટકા અથવા ૧૪૧૪ પોઈન્ટના મોટા ઘટાડા સાથે ૭૩,૧૯૮ પર બંધ થયો હતો. બજાર બંધ થવાના સમયે, સેન્સેક્સ પેકના ૩૦ માંથી ૨૯ શેર લાલ નિશાનમાં હતા. બીજી તરફ, નેશનલ સ્ટોક એક્સચેન્જ ઈન્ડેક્સ નિફ્ટી ૧.૮૭ ટકા અથવા ૪૨૨ પોઈન્ટ ઘટીને ૨૨,૧૨૨ પર બંધ થયો હતો. નિફ્ટી પેકના ૫૦ શેરોમાંથી ૫ શેર ગ્રીન ઝોનમાં અને ૪૫ શેર રેડ ઝોનમાં ટ્રેડ થતા જોવા મળ્યા હતા. નિફ્ટી પેકમાં સૌથી વધુ ઘટાડો ટેક મહિન્દ્રા (૬.૩૦ ટકા), ઈન્ડસઈન્ડ બેંક (૬.૨૫ ટકા), વિપ્રો (૫.૮૭ ટકા), મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા (૫.૩૩ ટકા) અને ભારતી એરટેલ (૪.૮૭ ટકા) ના શેરમાં થયો હતો. તે જ સમયે,એચડીએફસી બેંકમાં ૧.૭૮ ટકા, શ્રીરામ ફાઈનાન્સમાં ૧.૭૬ ટકા, કોલ ઈન્ડિયામાં ૧.૩૭ ટકા, ટ્રેન્ટમાં ૦.૯૮ ટકા અને હિન્ડાલ્કોમાં ૦.૪૪ ટકાનો મહત્તમ



વધારો નોંધાયો હતો.

શુક્રવારે બધા ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાનમાં બંધ થયા હતા. નિફ્ટી આઈટીમાં મહત્તમ ૪.૧૮ ટકાનો ઘટાડો નોંધાયો હતો. આ ઉપરાંત, નિફ્ટી ઓટો ૩.૯૨ ટકા, નિફ્ટી બેંક ૦.૮૨ ટકા, નિફ્ટી ફાઈનાન્શિયલ સર્વિસીસ ૦.૬૨ ટકા, નિફ્ટી એફએમસીજી ૨.૬૨ ટકા, નિફ્ટી મીડિયા ૩.૪૮ ટકા, નિફ્ટી ફાર્મા ૧.૯૨ ટકા, નિફ્ટી પીએસયુ બેંક ૨.૮૩ ટકા, નિફ્ટી પ્રાઈવેટ બેંક ૦.૮૯ ટકા, નિફ્ટી રિયલ્ટી ૧.૪૧ ટકા, નિફ્ટી હેલ્થકેર ઈન્ડેક્સ ૨.૨૧ ટકા, નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૩૮ ટકા, નિફ્ટી ઓઈલ એન્ડ ગેસ ૨.૨૨ ટકા, નિફ્ટી મિડસ્મોલ હેલ્થકેર ૧.૮૪ ટકા, નિફ્ટી મિડસ્મોલ ફાઈનાન્શિયલ સર્વિસીસ ૨.૯૦ ટકા અને નિફ્ટી મિડસ્મોલ આઈટી એન્ડ ટેલિકોમ ૩.૭૨ ટકા ઘટ્યા હતા. આજે સવારે ૯.૩૯ વાગ્યાની આસપાસ, બીએસઈ સેન્સેક્સ ૯૨૯ પોઈન્ટ (૧.૨૫ ટકા) ઘટીને ૭૩,૬૮૩ પર પહોંચ્યો, અને નિફ્ટી ૨૭૩ પોઈન્ટ (૧.૨૧%) ઘટીને ૨૨,૨૭૧ પર પહોંચ્યો હતો. ફેબ્રુઆરીના છેલ્લા દિવસે શરૂઆતના વેપાર દરમિયાન થયેલા આ ઘટાડાને કારણે શેરબજારના રોકાણકારોને લગભગ રૂ. ૫.૮ લાખ કરોડનું નુકસાન થયું. શુક્રવારે, શરૂઆતના વેપારમાં બીએસઈ પર લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ રૂ. ૫.૮ લાખ કરોડ ઘટીને રૂ. ૩૮૭.૩ લાખ કરોડ થયું હતું. આજે, નિફ્ટી આઈટી ઈન્ડેક્સના શેરોમાં ૪% સુધીનો ભારે ઘટાડો જોવા મળ્યો હતો.

# યુરોપિયન યુનિયન જાપાન અને દક્ષિણ કોરિયાની જેમ ભારત સાથે સુરક્ષા ભાગીદારી ઈચ્છે છે : વડાપ્રધાન

નવીદિલ્હી,તા.૨૮

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન વચ્ચે એક મહત્વપૂર્ણ વાતચીત થઈ હતી. બંને નેતાઓએ ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને નવી ગતિ આપવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ઉર્સુલા વોન ડેર લેયેન ઈયુ કોલેજ ઓફ કમિશનર્સ એટલે કે જૂથના ૨૭ સભ્ય દેશોના વરિષ્ઠ રાજકીય નેતાઓ સાથે ભારતની મુલાકાતે



આવ્યા છે. શુક્રવારે પીએમ મોદી અને ઉર્સુલા વોન ડેર લેયેને સંરક્ષણ, સુરક્ષા અને મહત્વપૂર્ણ ટેકનોલોજીના ક્ષેત્રોમાં ભારત ઈયુ વ્યૂહાત્મક ભાગીદારીનો વિસ્તાર કરવાનું વચન આપ્યું હતું. આ સાથે, એવું પણ કહેવામાં આવ્યું છે કે યુરોપિયન યુનિયન અને ભારત વચ્ચે મુક્ત વેપાર કરાર આ વર્ષના અંત સુધીમાં પૂર્ણ થશે. પીએમ મોદીએ ભારત અને ઈયુ વચ્ચેની ભાગીદારીને 'કુદરતી અને કાર્બનિક' ગણાવી છે. ભારત અને યુરોપ વચ્ચે કનેક્ટિવિટીના મુદ્દા પર, પીએમ મોદીએ કહ્યું કે ભારત-પશ્ચિમ એશિયા-યુરોપ આર્થિક કોરિડોરને આગળ વધારવા માટે નક્કર પગલાં લેવામાં આવશે. પીએમ મોદીએ કહ્યું- ''મને વિશ્વાસ છે કે આઈએમઈઈસી કોરિડોર વૈશ્વિક વાણિજ્ય, ટકાઉ વિકાસ અને સમૃદ્ધિને આગળ વધારવા માટે એક એન્જિન સાબિત થશે.''

# ઉત્તરાખંડના ચમોલીમાં ભારે હિમપ્રપાતથી ૫૭ કામદારો ફસાયા, ૧૬ને બચાવાયા

(એચ.એસ.એલ),દહેરાદુન,તા.૨૮

ઉત્તરાખંડના ચમોલીમાં થયેલા એક વિશાળ હિમપ્રપાતમાં ૫૭ કામદારો દટાયા હતા. જે વિસ્તારમાં હિમપ્રપાત થયો હતો ત્યાં રસ્તાનું બાંધકામ ચાલી રહ્યું હતું. ચમોલીના માનામાં બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન કેમ્પ પાસે ગ્લેશિયર ફાટવાને કારણે આ મોટો અકસ્માત થયો હતો. ૫૭ માંથી ૧૬ કામદારોને બચાવી લેવામાં આવ્યા છે. રાહત અને બચાવ ટીમોને ઘટનાસ્થળે મોકલવાના પ્રયાસો ચાલી રહ્યા છે. ભારે હિમવર્ષાને કારણે રાહત અને બચાવ કામગીરી શરૂ કરવામાં મુશ્કેલી પડી રહી છે.

પોલીસ મુખ્યાલયના પ્રવક્તા આઈજી નીલેશ આનંદ ભરણેએ જણાવ્યું હતું કે માના સરહદી વિસ્તારમાં બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન કેમ્પ પાસે એક મોટો હિમપ્રપાત થયો છે. આ હિમપ્રપાતમાં ૫૭ કામદારો ફસાયા હતા. જેમાંથી



૧૬ કામદારોને બચાવી લેવામાં આવ્યા છે. તેમની ગંભીર હાલતને કારણે, તેમને માના નજીકના આર્મી કેમ્પમાં મોકલવામાં આવ્યા છે. દરમિયાન, બીઆરઓ (બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન) ના એક્ઝિક્યુટિવ એન્જિનિયર સી આર મીણાએ જણાવ્યું હતું કે ઘટનાસ્થળે ૫૭ મજૂરો હાજર હતા. ત્રણથી ચાર એમ્બ્યુલન્સ પણ મોકલવામાં આવી છે, પરંતુ ભારે હિમવર્ષાને કારણે બચાવ ટીમને ત્યાં પહોંચવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.









# પીએમ નરેન્દ્ર મોદીની ડિગ્રી કોર્ટમાં બતાવી શકાય છે, અજાણ્યાઓને નહીં : દિલ્હી યુનિવર્સિટી

નવીદિલ્હી,તા.૨૮

દિલ્હી યુનિવર્સિટીએ દિલ્હી હાઈકોર્ટને જણાવ્યું હતું કે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રી સંબંધિત તેના રેકોર્ડ કોર્ટને બતાવવા માટે તૈયાર છે પરંતુ આરટીઆઈ હેઠળ અજાણ્યાઓને તે જાહેર કરશે નહીં. ન્યાયાધીશ સચિન દત્તા સમક્ષ સોલિસિટર જનરલ તુષાર મહેતા દ્વારા દલીલો કરવામાં આવી હતી, જેના પગલે કોર્ટે કેન્દ્રીય માહિતી આયોગના વડાપ્રધાનની ગ્રેજ્યુએશન ડિગ્રી સંબંધિત માહિતી જાહેર કરવાના આદેશ સામે DUની અરજી પર પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. મહેતાએ કહ્યું, ×ડીયુને કોર્ટને બતાવવામાં કોઈ વાંધો નથી, પરંતુ તે યુનિવર્સિટીના રેકોર્ડને અજાણ્યાઓ સમક્ષ ચકાસણી માટે મૂકી શકતું નથી.× તેમણે કહ્યું કે સીઆઈસીનો આદેશ રદ કરવાને પાત્ર છે કારણ કે ×ગોપનીયતાનો અધિકાર× ×જાણવાના અધિકાર× કરતા મોટો છે. મહેતાએ કહ્યું, "જે ડિગ્રી માંગવામાં આવી છે તે ભૂતપૂર્વ વિદ્યાર્થીની છે, જે



વડાપ્રધાન છે. એક યુનિવર્સિટી તરીકે આપણી પાસે છુપાવવા માટે કંઈ નથી. અમારી પાસે વર્ષવાર રેકોર્ડ છે. યુનિવર્સિટીને કોર્ટમાં રેકોર્ડ બતાવવામાં કોઈ વાંધો નથી. અમારી પાસે ૧૯૭૮ની ડિગ્રી છે, જે 'બેચલર ઓફ આર્ટ્સ'ની છે.' ૨૧ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ, સીઆઈસીએ ૧૯૭૮માં બીએ પરીક્ષા પાસ કરનારા તમામ વિદ્યાર્થીઓના રેકોર્ડનું નિરીક્ષણ કરવાની મંજૂરી આપી હતી, જેમાંથી એક નીરજ દ્વારા આરટીઆઈ અરજી દાખલ કરવામાં આવી હતી. એ વર્ષે વડાપ્રધાન મોદીએ પણ આ પરીક્ષા પાસ કરી હતી. આરટીઆઈ અરજીમાં ૧૯૭૮માં પરીક્ષા આપનારા તમામ વિદ્યાર્થીઓની વિગતો માંગવામાં આવી હતી.







સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શનિવાર, તા. ૦૧-૦૩-૨૦૨૫

# એલસીબી પીઆઇ અલ્પેશ પટેલનો વિદાય સમારંભ યોજાયો

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લામાં છેલ્લા અઢી વર્ષથી પીઆઇ તરીકે ફરજ બજાવતા અલ્પેશ પટેલની બદલી કચ્છ ખાતે થતા એલસીબી વિભાગ અમરેલી દ્વારા તેમનો ભવ્ય વિદાય સમારંભ યોજાયો હતો. અમરેલી અવધ હેરીટેજ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં





અલ્પેશ પટેલે અમરેલી જિલ્લામાં કામગીરી દરમિયાનના પોતાના સંસ્મરણો વાગોળ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે અલ્પેશ પટેલે એલસીબી પીઆઇ તરીકેની અઢી વર્ષની કામગીરી દરમિયાન વર્ષોથી અણઉકેલ ગુનાઓને ડિટેક્ટ કર્યા હતા. સાથે જ ઘરફોડ ચોરી અને લૂંટના ગુના આચરતી આંતરરાજ્ય ગેંગને પણ ઝડપી પાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમના વિદાય પ્રસંગે અમરેલીમાંથી મોટી સંખ્યામાં પત્રકાર મિત્રો અને તેમના શુભચિંતકો પણ હાજર રહ્યા હતા.

# સાવરકુંડલામાં બાબા રામદેવ યુવક મંડળ દ્વારા ભવ્ય સમૂહ લગ્નોત્સવ

સાવરકુંડલા, ૨૮

બાબા રામદેવ યુવક મંડળ દ્વારા ૧૪ નવદંપતીઓ માટે તૃતીય સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ ભવ્ય રીતે યોજાશે. આ પાવન પ્રસંગે સંતોના આશીર્વાદ અને સમસ્ત જ્ઞાતિજનોના સહકારથી નવયુગલો દાંપત્ય જીવનની શરૂઆત કરશે. આ શુભ પ્રસંગે, નવદંપતીઓને આશીર્વાદ આપવા માટે હજારોની સંખ્યામાં ભાવિકોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. દીપ પ્રાગટ્ય અને સંતોના આશીર્વાદ સમારોહમાં મહંત શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર મસ્તરામબાપુ, ઘી વાળી ખોડીયાર બોઘરીયાણી (ધજડી), તા. સાવરકુંડલા, સમારોહના અધ્યક્ષ શ્રી મસાપીર મોમાઈ માતાજીનો મઢ, નાના જીંજુડા, તા. સાવરકુંડલા અને સમારોહના ઉદ્‌ઘાટક પ.પૂ. મહંતશ્રી પ્રેમપરીબાપુ, ગુરુ શંભુપરીબાપુ, બાબા રામદેવ મંદિર, ડેમ કાંઠે બોઘરીયાણી રોડ, સાવરકુંડલા ઉપસ્થિત રહેશે. આ મહોત્સવમાં અનેક સંતો, મહંતો, રાજકીય આગેવાનો, આમંત્રિત મહેમાનો, સામાજિક સ્વયંસેવકો અને વિવિધ મંડળોની ઉપસ્થિતિ રહેશે.

# સાવરકુંડલામાં સર્વરોગ નિદાન અને આયુર્વેદિક સારવાર કેમ્પ યોજાયો

સા.કુંડલા,તા.૨૮


તસ્વીર : સૌરભ દોશી

અમરેલી જિલ્લા આયુર્વેદ અધિકારીના માર્ગદર્શન તથા ડો. હેડગેવાર સેવા સમિતિના સહયોગથી સ. આ. દ. ઘોબા દ્વારા સાવરકુંડલામાં શ્રી ઉતાવળા હનુમાન મંદિરે બુધવારે સર્વરોગ આયુર્વેદ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ૧૭મા આયુર્વેદિક કેમ્પમાં મહાશિવરાત્રીના દિવસે ૫૬ દર્દીઓએ લાભ લીધો હતો. આ નિદાન કેમ્પમાં વૈદ્ય ડી.જે. ખાચર તથા વૈદ્ય અંજુમન શેખે સેવા આપી હતી.

# અમરેલી શ્રી રાધે - રાધે એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ ખાતે ભવ્ય લગ્નોત્સવનો શુભારંભ

અમરેલી,તા.૨૮

અમરેલી- લાઠી હાઈવે રોડ પર આવેલ કેરાળા ગામ નજીક શ્રી રાધે રાધે એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પૂજ્ય જીગ્નેશદાદાના માર્ગદર્શનમાં લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ સાથે સંસ્થા દ્વારા જળયાત્રાનું આયોજન પણ કરવામાં આવેલ



છે. જેમાં પૂ. જીગ્નેશદાદાની ઉપસ્થિતીમાં ભવ્ય જળયાત્રાનો કાર્યક્રમ સાંજના ૪:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. આ જળયાત્રા કાર્યક્રમમાં ભાવિક ભાઈઓએ ઝભ્ભા, કૂર્તા અને બહેનોને લાલ, લીલા કલરની સાડીથી સજજ થઈ મોટી સંખ્યામાં ભાગ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા સંસ્થાના વ્યવસ્થાપક ભાર્ગવદાદા ઠાકર અને સ્વયંસેવકો જહેમત ઉઠાવી છે.

# અમરેલીમાં દુષ્કર્મના આરોપી શિક્ષકના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર

અમરેલી,તા.૨૮

અમરેલી શહેરમાં ભારત નગર ખાતે આવેલી સરકારી શાળામાં શિક્ષક દ્વારા બે વિદ્યાર્થિનીઓ સાથે દુષ્કર્મની ઘટનાથી સમગ્ર શિક્ષણ જગતમાં ચકચાર મચી ગઇ છે ત્યારે અમરેલી પોલીસે આ ઘટનાના આરોપી મહેન્દ્ર કાવઠીયાને ઝડપી પાડી અને કોર્ટ સમક્ષ રજૂ કર્યા હતા. કોર્ટે આરોપી મહેન્દ્ર કાવઠીયાના ત્રણ દિવસના રિમાન્ડ



મંજૂર કર્યા છે. રિમાન્ડ દરમિયાન અન્ય કોઈ વિદ્યાર્થિની સાથે આવું કૃત્ય કર્યું છે કે કેમ અને અન્ય બાબતની પોલીસ તપાસ કરશે તેમ જાણવા મળ્યું છે.

# ધારીમાં બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી દ્વારા બાજપાઈ સહાય નિધિ ચૂકવાઈ

બગસરા,તા.૨૮

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. ની ધારી શાખા દ્વારા સ્વ. બટુકગર ધનગરભાઈ ગોસાઈના વારસદારને બાજપાઈ સહાય નિધિ અંતર્ગત રૂ. ૨૫,૦૦૦નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. મંડળીના સભ્ય સ્વ. બટુકગર ધનગરભાઈ ગોસાઈના



અવસાન બાદ તેમના વારસદારને સહાયરૂપે આ રકમ ચૂકવવામાં આવી હતી. ચેક અર્પણ સમારોહમાં શાખા એમ.ડી. કેતનભાઈ ઘકાણ, ડિરેક્ટર સુરેશભાઈ ગમારા, હેડ ક્લાર્ક ઘવલ નાઢાં સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. શાખા સેક્રેટરી ચિરાગ પરમારે આ અંગેની માહિતી આપી હતી.

# રાજુલાના હિંડોરણા ગામની શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી

રાજુલા,તા.૨૮

ભારતમાં ૨૮ ફેબ્રુઆરીએ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' ઉજવવામાં આવે છે. ભારતના મહાન વૈજ્ઞાનિક ચંદ્રશેખર વેંકટ રામનના સન્માન અને સ્મૃતિમાં દર વર્ષે આ દિવસ ઉજવવામાં આવે છે. ભૌતિકશાસ્ત્રી સર સી.વી. રામને ૨૮ ફેબ્રુઆરી ૧૯૨૮ના દિવસે 'રામન ઈફેક્ટ'ની શોધ કરી હતી. વર્ષ ૧૯૩૦માં આ શોધ માટે તેમને નોબલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. રાજુલા તાલુકાના હિંડોરણા પ્રાથમિક શાળામાં આ દિવસ નિમિત્તે


તસ્વીર : ગોપાલ રાઠોડ

વિજ્ઞાન મેળાનું આયોજન કરાયું હતું. આ વિજ્ઞાન મેળામાં ૮૦ જેટલા બાળ વૈજ્ઞાનિકોએ લાભ લઈને ૪૨ કૃતિઓ રજૂ કરી હતી. આ તકે ગામના સરપંચ, ઉપસરપંચ ઝીણાભાઈ હાડગરડા, તલાટી કમ મંત્રી મંજુલાબેન કલસરિયા, એસએમસી અધ્યક્ષ લાલાભાઈ પટાટ, રાજુલા કે.ની. મનીષભાઈ વાઘેલા, CRC પ્રમોદભાઈ પરમાર, ખાખબાઈ શાળા આચાર્ય ચંદ્રિકાબેન ધડુક, છતડીયા શાળા આચાર્ય હારુનભાઈ તેમજ ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.







# સાવરકુંડલામાં સદગુરુ મહંત બિહારી સાહેબની ૧૯મી પુણ્યતિથિ ભક્તિભાવપૂર્વક ઉજવાઈ

સાવરકુંડલા,તા.૨૮

સાવરકુંડલાના કબીર ટેકરી આશ્રમ ખાતે સદગુરુ મહંત બિહારી સાહેબની ૧૯મી પુણ્યતિથિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે આશ્રમમાં સવારથી સાંજ સુધી ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. ફાગણ સુદ એકમના દિવસે સવારે ૮:૩૦ કલાકે ભક્તિમય



વાતાવરણમાં પૂજા અને આરતી કરવામાં આવી હતી. બપોરે ૧૨:૦૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં સત્સંગીઓ અને ભક્તોએ ભાગ લીધો હતો.




## -//તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, મેજીસ્ટ્રેટ સાહેબની - કોડીનારની કોર્ટમાં//-

નં.મરણ/ કેસ.નં.૦૧/૨૦૨૪

પ્રતિ,
શ્રી અદનાન રજાકભાઈ સીમારી
રે.શેખ ફળીયુ.ઉના જાપા રોડ, મું.કોડીનાર, તા.કોડીનાર . . . અરજદાર
વકીલશ્રી જે.જી.સોસા રહે. મુ.કોડીનાર, તા.કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને ચીફ ઓફીસરશ્રી,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કોડીનાર ગામ વિસ્તારના રહીશ **શ્રી અદનાન રજાકભાઇ સીમારીના દાદીશ્રી દાદીમા ફજુભાઇ સીમારી નુ મરણ** તા.૧૯/૦૭/૨૦૨૩ ના રોજ કોડીનાર ખાતે મરણ થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર નગરપાલિકાના સને.૨૦૨૩ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૩/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૧/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહિ
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



# ધારીના હિરાવામાં દીપડાનો આતંક: બે વર્ષના બાળકને ફાડી ખાધો

**વાડી વિસ્તારમાં બનેલી ઘટનાથી પંથકમાં ભયનો માહોલ, વન વિભાગે પાંજરું ગોઠવ્યું**

ધારી, તા.૨૮

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના હિરાવા ગામમાં વાડી વિસ્તારમાં એક કરૂણ ઘટના બની છે. અહીં એક દીપડાએ ૨ વર્ષના બાળકને ફાડી ખાધો હતો. આ ઘટનાથી સમગ્ર પંથકમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. મળતી માહિતી મુજબ, મૃતક બાળકનું નામ બિટ્ટુ સુંદર સિંહ મીનાવા છે. તે મૂળ મધ્ય પ્રદેશનો વતની હતો અને હાલમાં હિરાવામાં રહેતો હતો. બાળક વાડી વિસ્તારમાં રમી રહ્યો હતો ત્યારે દીપડાએ તેના પર હુમલો કર્યો હતો. દીપડાએ બાળકને ઉઠાવીને તેના માથામાં પંજો માર્યો હતો, જેના કારણે બાળકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. બાળકના પરિવારજનોએ દીપડાનો પીછો કર્યો હતો, પરંતુ દીપડો બાળકને ત્યાં મૂકીને જંગલમાં ગાયબ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ વન વિભાગ અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. વન વિભાગે દીપડાને પકડવા માટે પાંજરું ગોઠવ્યું છે. પોલીસે બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ધારી સિવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો.



# સાંસદ ભરત સુતરીયાની ઉપસ્થિતિમાં પોષણ ઉત્સવ અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધા યોજાઈ

અમરેલી, તા.૨૮

અમરેલી, ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ - રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, આઈ.સી.ડી.એસ. દ્વારા પોષણ ઉત્સવ અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધા યોજાઈ હતી. અમરેલી જિલ્લામાં આ સ્પર્ધાનું આયોજન જિલ્લા પંચાયત ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં આંગણવાડી બહેનોએ મિલેટ્સ અને ટી.એચ.આર. માંથી પૌષ્ટિક વાનગીઓ તૈયાર કરી હતી. સ્પર્ધામાં ૭૮ વિવિધ પૌષ્ટિક વાનગીઓનું નિદર્શન થયું હતું. પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવનાર બહેનોને સાંસદ ભરતભાઈ સુતરીયા અને જિલ્લા પંચાયત પ્રમુખના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી, પંચાયત ચેરમેન, આઈ.સી.ડી.એસ.ના અધિકારીઓ અને આંગણવાડી બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આઈ.સી.ડી.એસ. જિલ્લા પ્રોગ્રામ ઓફિસર દક્ષાબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ પોષણ અભિયાનના કર્મયોગીઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી હતી.



# ગળકોટડીથી ચાવંડ ગામ તરફ જવાના રસ્તે બે ફોરવ્હીલની ટક્કર

બાબરા, તા.૨૮

અમરેલી જિલ્લામાં વાહન અકસ્માતનો સિલસિલો વણથંભ્યો છે. ગળકોટડીથી ચાવંડ ગામ તરફ જવાના રસ્તે બે ફોરવ્હીલની ટક્કર થઈ હતી. રાજકોટના ભુપતગઢ ગામે રહેતા દિપકભાઈ ભગવાનભાઈ ખેર (ઉ.વ.૫૯)એ વેગનઆર ફોરવ્હીલ જીજે-૦૩-એફડી-૬૫૮૧ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા તેમના કુટુંબી ભત્રીજા તથા તેના મિત્ર પોતાના ગામ ભુપતગઢથી પોતાની ફોરવ્હીલ ગાડી લઈને ઢસા મુકામે રહેતા તેમના સંબંધીને ત્યાં જતા હતા. આ દરમિયાન બાબરાના ગળકોટડી ગામથી આગળ ચાવંડ તરફ જતા રસ્તે ફોરવ્હીલ ગાડીને પાછળથી આરોપીએ પોતાના હવાલાવાળી વેગનઆર ગાડીને પુરઝડપે ચલાવીને અકસ્માત કરી તેમના જમણા હાથમાં ગંભીર ઈજા પહોચાડી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી.એ. ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

# અસ્થિર મગજના બાળકનું અગમ્ય કારણોસર મોત

લાઠી, તા.૨૮

લાઠીમાં ચાવંડ ગામની સીમમાં રહેતા મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરાના પનેરીના મુકામભાઈ ઠાકોરભાઈ વાસ્કોલા (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, તેમનો પુત્ર વિક્રમભાઈ મુકામભાઈ વાસ્કેલા (ઉ.વ.૧૧) અસ્થિર મગજનો હતો તેમજ બોલી શકતો નહોતો. ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયો હતો અને કોઈપણ કારણોસર મરણ પામ્યો હતો.

# રાજુલાના માંડળ ગામે પુત્રએ માતા-પિતા સામે જાનથી મારવાની ફરિયાદ નોંધાવી

**માતાના મોત બાદ પિતાએ બીજા લગ્ન કર્યા હતા**

રાજુલા, તા.૨૮

રાજુલાના માંડળ ગામે એક યુવકે તેના માતા-પિતા સામે ફરિયાદ નોંધાવતા ચકચાર મચી ગઈ હતી. રાહુલભાઈ વાલજીભાઈ વાળા (ઉ.વ.૩૩)એ માતા નિલમબેન લાલજીભાઈ તથા પિતા વાલજીભાઈ આતુભાઈ વાળા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની માતાના અવસાન બાદ તેના પિતાએ બીજા લગ્ન કર્યા હતા. પરંતુ નિલમબેન માતાનો દરજ્જો આપતા નહોતા. પિતાએ લાફો મારી ડાબા હાથના બાવડા પર કોદાળીનો એક ઉંધો ઘા માર્યો હતો. તેમજ બંનેએ ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચિત્તલ ગામે યુવકને સર્પે દંશ દીધો

અમરેલી, તા.૨૮

મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના જોબ તાલુકાના ડેકાકોન ગામના અને હાલ અમરેલીના ચિત્તલ ગામે ચંદુભાઈ દેસાઈની વાડીમાં રહેતા સુરેશભાઈ સુંદરસિંહ વસુનીયા (ઉ.વ.૨૪) ગામના પાદરમાં આવેલી દુકાને ચીજવસ્તુ ખરીદવા જતાં સાપ કરડી જતાં સારવારમાં દાખલ કર્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.જે. ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં હદપારીનો ભંગ કરીને આવેલ ઈસમ ઝડપાયો

**આરોપી છેલ્લા એક વર્ષથી હદપાર હોવા છતાં કોઈપણ જાતની લેખિત મંજૂરી વગર અમરેલી જિલ્લામાં પ્રવેશતા ઝડપી પાડ્યો**

અમરેલી, તા.૨૮

અમરેલી શહેરમાં સમુદ્રીમાતાના મંદિર પાસેથી હદપારીનો ભંગ કરીને આવેલા ઈસમને પોલીસે ઝડપી પાડ્યો હતો. રફીકભાઈ ઉર્ફે શક્તિ વલીભાઈ માંડલીયા (ઉ.વ.૪૨)ને એક વર્ષ સુધી અમરેલી જિલ્લામાંથી હદપાર કર્યો હતો. તેમ છતાં કોઈપણ જાતની લેખિત મંજૂરી વગર અમરેલી જિલ્લામાં પ્રવેશતા પોલીસે ઝડપી પાડ્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પ્રોબેશનરી પીએસઆઈ આર.ડી. કુવાડીયા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# અવસાન નોંધ

**લાઠી**


શ્રી બળવંતરાય અમૃતલાલ શુક્લ (ઉ.વ.૭૩) શ્રી ઘેલાસોમનાથ મહાદેવના આચાર્ય તા.૨૬/૦૨ના રોજ કૈલાશવાસ પામેલ છે. તે સ્વ.રમણીકભાઈ, શ્રી પ્રદ્યુમનભાઈ, મંગળાબેન જે. રાવલ (ભાવનગર), રંજનબેન એન. રાવલ (અમદાવાદ), અન્નપૂર્ણાબેન એન. આચાર્ય (અમદાવાદ), સ્વ. જ્યોતિબેન એ. શુક્લના ભાઈ તેમજ ક્રિષ્નાબેન બળવંતભાઈ શુક્લ, દ્રષ્ટીબેન કરનકુમાર રાવલનાં પિતાશ્રી, ભરતભાઈ આર. શુક્લ, કમલેશભાઈ આર. શુક્લ, શૈલેષભાઈ પી. શુક્લ, ભવનેશભાઈ પી. શુક્લ, અંકુરભાઈ પી. શુક્લ, ભવનેશભાઈ પી. શુક્લના કાકા, પરેશભાઈ ઘનશ્યામભાઈ રાવલના વેવાઈ, કરનકુમાર પરેશભાઈ રાવલના સસરા, સ્વ. હરિલાલ ફૂલશંકર ત્રિવેદી મંડોર ગીર (જસદણ)ના મોટા જમાઈ થાય છે.

**રાજકોટ**

ગં.સ્વ. નયનાબેન રમેશભાઈ રાજદેવનું તા. ૨૭/૨ના રોજ અવસાન થયેલ છે. તેમનું સદ્ગતનું ઉઠમણું તા.૦૧/૦૩ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સોમેશ્વર મહાદેવ મંદિર, રવિરત્ન પાર્ક મેઈન રોડ, રામકૃપા ડેરી સામેનો રોડ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**અમરેલી**

સ્વ. અલકાબેન કીરીટભાઇ દિક્ષિત (ઉ.વ.૫૯)નું તા.૨૭/૦૨ના રોજ અવસાન થયેલ છે. તે કિરીટભાઇ અમૃતલાલ દીક્ષિતના ધર્મપત્ની, પુત્ર રવિભાઇ અને પુત્રી ચાર્મીબેનના માતુશ્રી થાય છે.








**સંકુલ ગુજરાતી મિડીયમ ગર્લ્સ સ્કૂલ & મિશ્ર સ્કૂલ**
**સંકુલ ઈંગ્લીશ મિડીયમ ICSE GSEB મિશ્ર સ્કૂલ**
- ★ ગુ.મી. ગર્લ્સ સ્કૂલ – ગુ.મી. મિશ્ર સ્કૂલ – ઈ.મી. મિશ્ર સ્કૂલ – ત્રણેય સાયંસ સ્કૂલમાં
- ★ A & B ગ્રુપમાં કન્યા / કુમારને પ્રવેશ મળશે – JEE - NEET - GUJCET ડેઈલી વર્ગ
- ★ ધો. ૧૦ ગુજરાતી મિડીયમ કન્યા & કુમાર ને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ માં પ્રવેશ મળશે. – તેઓને ઈંગ્લીશ મિડીયમ લેવલે પહોંચાડવા ખાસ વ્યવસ્થા
- ★ મિશ્ર સ્કૂલ – અલગ બિલ્ડીંગ – અલગ ગેઈટ – અલગ Entry – અલગ શીફ્ટ

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢ રોડ અમરેલી - Ad 120







**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર** M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીકસ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ રુદ્રયાગ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું

અમરેલી, તા.૨૮



અમરેલી ખાતે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને ગાયત્રી પરિવાર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ ગાયત્રી મંદિર ખાતે મહાશિવરાત્રી મહોત્સવ નિમિત્તે ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા દક્ષેશ્વર મહાદેવ મંદિર પર રુદ્રયાગ યજ્ઞ અને કાળભૈરવ દાદાની મૂર્તિના પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વૈદિક મંત્રોચ્ચાર સાથે આ યજ્ઞ યોજાયો હતો. આ યજ્ઞમાં વિવિધ સરકારી કચેરીના અધિકારીઓ અને વિવિધ સમાજના મોભીઓએ હાજરી આપી હતી. આ ઉપરાંત શાસ્ત્ર અનુસાર તૈયાર કરવામાં આવેલી અદ્ભુત યજ્ઞશાળા અને અગ્નિ દેવતાના તેમજ દક્ષેશ્વર મહાદેવના દર્શન કરવા માટે અમરેલી તેમજ જિલ્લાની ધર્મપ્રેમી જનતાની ભીડ જામી હતી. આ યજ્ઞમાં અમરેલી શહેર અને જિલ્લાના બાબરા, સાવરકુંડલા, કુંકાવાવ, લાઠી વગેરે જગ્યાએથી કુલ ૫૪ પાટલા નોંધાયા હતા. આ યજ્ઞને સફળ બનાવવા માટે ગાયત્રી પરિવાર ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ ઊભી કરવામાં આવેલી ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# વડીયાના લોકોને ઘર બેઠા પ્રયાગરાજના પવિત્ર જળનો લાભ આપતા પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડ

કુંકાવાવ, તા.૨૮



સમગ્ર દેશમાં હિન્દુ ધર્મની આસ્થાના પ્રતીક સમા પ્રયાગરાજ તીર્થ ખાતે ૧૪૪ વર્ષે મહાકુંભ મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ત્રિવેણી સંગમના પવિત્ર જળમાં ડૂબકી લગાવવા સમગ્ર દેશમાંથી કરોડો લોકોએ આસ્થા સહિત સ્નાનનો લાભ લીધો હતો. આ પવિત્ર મહાકુંભ મેળામાં અમરેલી જિલ્લામાંથી પણ મોટી સંખ્યામાં લોકો પુણ્યનું ભાથું બાંધવા માટે ગયા હતા. જેમાં અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડીયાના લોકનેતા એવા પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંધાડે પણ પ્રયાગરાજ ખાતે પવિત્ર સ્નાન કરવાનો લહાવો લીધો હતો અને ત્યાં ચાલતા અન્નક્ષેત્ર રૂપી પ્રસાદઘર અને ઉતારાની પણ મુલાકાત લીધી હતી. શંકરાચાર્યજીના કહેવા મુજબ પ્રયાગરાજ મહાકુંભના ત્રિવેણી સંગમનું એક બુંદ પાણી અન્ય પાણીમાં ભળે તો તે સમગ્ર પાણી પવિત્ર થઈ જાય છે. આ બાબત પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંધાડના ધ્યાને આવતા તેઓએ ઉમદા વિચાર સાથે વડીયા ગામલોકોને જે કૂવામાંથી પાણીનું વિતરણ કરવામાં આવે છે તેમાં પ્રયાગરાજના પવિત્ર જળને શાસ્ત્રોક્ત વિધિ સાથે મિશ્ર કર્યું હતું. આ પવિત્ર જળને મુખ્ય કૂવામાં પધરાવવા પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંધાડ, બિલેશ્વર મહાદેવ મંદિરના મહંત વિભૂતિનાથજી બાપુ, વડીયા સરપંચ મનીષ ઢોલરીયા સહિત લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ચલાલામાં બ્રહ્માકુમારીઝ કેન્દ્ર દ્વારા બરફીલા અમરનાથ બાબાના દર્શનનું આયોજન

ચલાલા, તા.૨૮



ચલાલામાં મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે ચલાલા બ્રહ્માકુમારીઝ કેન્દ્રની બહેનો દ્વારા અંબેધામ મંદિરમાં બરફીલા અમરનાથ બાબાના દર્શન અને સાંજે મહાઆરતીનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. આ તકે અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયા સહિતના આગેવાનોએ કેન્દ્રના ક્રિષ્નાદીદી સહિત તમામ બહેનો અને ભાઈઓને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનિત કર્યા હતા.

# જાફરાબાદમાં પોલીસ દ્વારા લોન મેળાનું આયોજન : બેંકોના અધિકારીઓએ આપી હાજરી

જાફરાબાદ, તા.૨૮



તસવીર : બાબુભાઈ વાઢેળ

અમરેલી જિલ્લાના જાફરાબાદમાં ટાઉન પોલીસ દ્વારા લોન મેળાનું આયોજન કરી ડિજિટલ નાણાકીય સાક્ષરતા અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. જાફરાબાદ ટાઉન હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ અતિ પછાત વિસ્તારના લોકોને ઓછા વ્યાજદરે બેંક લોન મેળવવા માટે માર્ગદર્શન આપવાનો હતો. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના પીઆઈ ભાચકને તેમના સ્ટાફ સાથે મળીને આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ લોન મેળામાં આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, મધ્યસ્થ સહકારી બેંક અને એક્સિસ બેંકના પ્રતિનિધિઓએ વિવિધ લોન યોજનાઓ વિશે માહિતી આપી હતી. સાથે સાથે, અમરેલી સાઈબર ક્રાઈમ યુનિટ દ્વારા ડિજિટલ બેંકિંગ સુરક્ષા અંગે જનજાગૃતિ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જાફરાબાદ શહેર ભાજપ પ્રમુખ સંદીપભાઈ શિયાળ, ખારવા સમાજ બોટ એસોસિએશનના પ્રમુખ કનૈયાલાલ સોલંકી સહિત વિવિધ સમાજના આગેવાનો અને વેપારી મંડળના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખાંભાના ઈંગોરાળા ગામે માતાએ દીકરીને 'તારી ઉંમર નાની છે' કહેતા લાગી આવ્યું

ખાંભા, તા.૨૮

ખાંભાના ઈંગોરાળા ગામે વાડીએ એક પરિવાર રહીને મજૂરી કામ કરતો હતો. પુત્રીને તેની માતાએ 'તારી ઉંમર હજુ નાની છે' તેવું કહેતા લાગી આવ્યું હતું અને ઝેરી દવા પીધી હતી. બનાવ અંગે મૂળ રાજકોટના ધોરાજી, પીપરવાડીમાં રહેતા અને હાલ ઈંગોરાળા ગામે મુકેશભાઈ સાવલીયાની વાડીએ રહેતા વિનોદભાઈ શાંતિભાઈ ચારોલીયા (ઉ.વ.૩૩)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરીએ તેની પત્ની સાથે લગ્ન કરવા બાબતે વાત કરી હતી. જેથી તેમના પત્નીએ તમારી ઉંમર હજુ નાની છે તેવું કહેતા મનમાં લાગી આવ્યું હતું અને ખેતરમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.પી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# નાના ભમોદ્રાના દિનેશભાઈ રવજીભાઈ ખુંટની બીજી પુણ્યતિથિ નિમિત્તે અમદાવાદના નિકોલમાં સ્કૂલ બેગનું વિતરણ કરાયું

અમદાવાદ, તા. ૨૮



સાવરકુંડલાના નાના ભમોદ્રા ગામના સ્વ. દિનેશભાઈ રવજીભાઈ ખુંટની દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિ નિમિતે અમદાવાદના નિકોલ વિસ્તારમાં આવેલ સરદાર વલ્લભભાઈ પટેલ શાળામાં ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓને સ્કૂલ બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી પ્રદીપભાઈ પરમાર, ઠક્કરબાપા નગર વિધાનસભાના ધારાસભ્ય કંચનબેન રાદડિયા, ખોડલધામ સમિતિ અમદાવાદના કન્વીનર જયેશભાઈ પટેલ સહિતના ખોડલધામ સમિતિના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને સ્વ. દિનેશભાઈ રવજીભાઈ ખુંટને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# સા.કુંડલામાં શિવરાત્રી નિમિત્તે રિદ્ધિ સિદ્ધિનાથ મહાદેવ મંદિરે ૧૦૮ દીવડાની આરતી

સાવરકુંડલા, તા.૨૮



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા શહેરની મધ્યમાં આવેલ વિશ્વવિખ્યાત રિદ્ધિ સિદ્ધિનાથ મહાદેવ મંદિરે શિવરાત્રી નિમિત્તે ૧૦૮ દીવડાની ભવ્ય આરતી યોજવામાં આવી હતી. બપોરે યોજાયેલ આ આરતીમાં મોટી સંખ્યામાં ભક્તજનોએ લાભ લીધો હતો.સામાન્ય રીતે રિદ્ધિ સિદ્ધિનાથ મહાદેવ મંદિરે દરરોજ અનેક દર્શનાર્થીઓ દર્શન કરી શિવજીના આશીર્વાદ મેળવે છે, પરંતુ શિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે આજે ભક્તોની અસાધારણ ભીડ જોવા મળી હતી.

# બાબરકોટ ગામે પશુ સારવાર કેમ્પમાં ૨૦૦૦થી વધુ પશુને દવા-સારવાર કરાઈ

જાફરાબાદ, તા.૨૮



તસવીર : બાબુભાઈ વાઢેળ

અલ્ટ્રાટેક કંપનીના યુનિટ નર્મદા સિમેન્ટ જાફરાબાદ વર્ક્સ csr અંતર્ગત બાયફ સંસ્થા દ્વારા બાબરકોટ ખાતે પશુ સારવાર કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ૫૨ પશુ માલિકના ૨૦૦૦ થી વધારે પશુ જેમાં ગાય, ભેંસ, ઘેટાં-બકરાં વગેરે પશુઓને વિનામૂલ્યે સારવાર અને જરૂરિયાત પ્રમાણે દવા આપવામાં આવી હતી. આ કેમ્પ દ્વારા દવા સાથો યોગ્ય માર્ગદર્શન પણ આપવા આવ્યું. બાયફ સંસ્થાના ભરતભાઈ બાંભણીયા (સિનિયર પ્રોજેક્ટ ઓફિસર), વેટરનરી ડૉ. તુષારભાઈ બુબંડીયા અને ટીમ દ્વારા કેમ્પ યોજી પૂરતો સહયોગ આપવામાં આવ્યો હતો. યુનિટ હેડ અનિલ શુક્લા, એફ.એસ. વર્મા, રાહુલ દેસાઈ, રાજેદ્ર ગોયલ, મનોજ બિરલા, એડમીન હેડ વિનીત રાણા, સી.એચ. આર.ના લાલજી ગુજ્જર, ગામના આગેવાન કરશનભાઈ પરમાર હાજર રહ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: બીજ
તા. ૦૧-૦૩-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૬:૫૩, સૂર્યાસ્ત-૦૬:૧૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વભાદ્રપદ

## દૈનિક રાશિફળ

તા.૦૧-૦૩-૨૦૨૫ શનિવાર

મેષ: આજે પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે.

વૃષભ: આજે તમારે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. ઓફિસ હોય કે ઘર આજે તમને દરેક જગ્યાએ તમારા જીવનસાથીનો સહયોગ મળશે.

મિથુન: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે.

કર્ક: આજે સંતોષ અને શાંતિનો દિવસ છે. આજે જ્યાં રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નો સફળ થશે ત્યાં શાસન અને સત્તા સાથે જોડાણમાં ફાયદો પણ મળી શકે છે.

સિંહ: આજે તમારા સ્વાસ્થ્ય અને આનંદમાં અડચણ આવી શકે છે. દિવસના બીજા ભાગમાં કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક સફર પર જવું પડી શકે છે.

કન્યા: આજે કોઈ કિંમતી વસ્તુ ખોવાઈ જવા અથવા ચોરી થવાનો ભય રહેશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થઈ શકે છે.

તુલા: આજે તમે સંતાન સંબંધિત બાબતોથી ચિંતિત રહી શકો છો. જે લોકોના પારિવારિક જીવનમાં તણાવ ચાલી રહ્યો છે તેમાં આજે ઘટાડો થશે, સંબંધો વધુ સારા બનશે.

વૃશ્ચિક: આજીવિકાના ક્ષેત્રમાં આજે પ્રગતિ થઈ શકે છે. આ સિવાય આજે પ્રતિષ્ઠામાં વધારો થવાના સંકેત છે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે.

ધન: આજે આવકના નવા સ્ત્રોત મળશે. નમ્ર વાણીથી આદર મળશે. શિક્ષણ- સ્પર્ધામાં વિશેષ સફળતા પ્રાપ્ત થઈ શકે છે. આજે આખો દિવસ કાર્યસ્થળમાં વ્યસ્ત રહેશો.

મકર: આજે તમે કેટલીક આંતરિક સમસ્યાઓથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં તમારા માટે તે સારું રહેશે કે તમે વિલંબ કર્યા વિના ડોક્ટરને મળો.

કુંભ: આજે રોજગાર-ધંધાના ક્ષેત્રે ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે.

મીન: આજે તમારી આજુબાજુ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

# ભરતભાઈ સુતરીયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા પંચાયત ખાતે સામાન્ય સભા યોજાઈ

અમરેલી, તા.૨૮



અમરેલી જિલ્લા પંચાયત ખાતે સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયાના અધ્યક્ષ સ્થાને આ સામાન્ય સભા યોજાઈ હતી. આ સામાન્ય સભામાં ૧૩ મુદ્દાઓને લઈને ચર્ચાઓ કરવામાં આવી હતી જેમાં જિલ્લા પંચાયતની અલગ અલગ સમિતિઓની રજૂ થયેલ કાર્યવાહીની નોધને બહાલી આપવામાં આવી હતી. ખાંભા, લાઠી તાલુકાના બે ગામડાઓના નામ ફેરફાર કરવામાં આવ્યા હતા. સિંચાઈ વિભાગના વિવિધ કામોને લઈને ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સ્ટેમ્પ ડ્યુટીની સ્વભંડોળ સદરે આવેલ વર્ષ ૨૧/૨૨ની ગ્રાન્ટને નિયત દર મુજબ તાલુકા વાઈજ વિકાસના કામો માટે ખર્ચ કરવા બહાલી આપવામાં આવી હતી તથા વર્ષ ૨૦૨૪-૨૦૨૫ નું સુધારેલ અંદાજપત્ર તથા વાર્ષિક અંદાજપત્ર ૨૦૨૫-૨૦૨૬નું ૭૯૬.૧૩ કરોડનું બજેટ સામાન્ય સભામાં રજૂ કરવામાં આવ્યું હતું જે પ્રમુખ ભરતભાઈ સુતરીયા, અધ્યક્ષ તથા જિલ્લા પંચાયતના તમામ સદસ્યોની ઉપસ્થિતિમાં સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું.

# અમરેલીમાં પીજીવીસીએલના નાયબ અધિક્ષકને ગાળો બોલી ધમકી આપી

અમરેલી, તા.૨૮

અમરેલીમાં પીજીવીસીએલના નાયબ અધિક્ષકને ગાળો બોલી ધમકી આપીને ફરજમાં રૂકાવટ કરવામાં આવી હતી. બનાવ સંદર્ભે વિજયકુમાર ખીમજીભાઈ કાવઠીયા (ઉ.વ.૪૪)એ શહેજાદ દાદુમીયા કાકાસાહેબ તથા અશરફભાઈ ફુટવાળાના છોકરા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાની કાયદેસરની ફરજ બજાવતા હતા ત્યારે આરોપીએ તેમની કાયદેસરની ફરજ દરમિયાન અડચણ કરી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત જાનથી મારી નાખવાની તથા માર મારવાની ધમકી આપી હતી. જે બાદ બન્ને આરોપીઓએ લાકડી હાથમાં લઈ આવી તેમને તથા તેમના સ્ટાફને મારવા દોડ્યા હતા અને કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.વી. લંગાળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના યુવાનનું આફ્રિકામાં મૃત્યુ થતાં સાંસદ પરસોતમ રૂપાલા તાત્કાલિક મદદે આવ્યા

અમરેલી, તા.૨૮



અમરેલીના ચાંદની ચોકમાં રહેતા રમીન રિયાઝ લીબાનું આફ્રિકામાં વસવાટ દરમિયાન ટૂંકી બીમારીથી મૃત્યુ નિપજ્યું હતું. શિવરાત્રીના દિવસે અમરેલીના ચાંદની ચોકમાં રહેતા લીંબા પરિવારને આ ઘટનાની જાણ થઈ હતી. યુવાનના મૃતદેહને ભારતમાં લાવવા માટે ચાંદની ચોકના અમરેલીના સ્થાનિક આગેવાનોએ રાજકોટના સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાને જાણ કરી હતી. પુરુષોત્તમભાઈ રૂપાલાએ આ અંગે તાત્કાલિક વિદેશ મંત્રાલયમાં પત્ર વ્યવહાર કરી આ પરિવારને યોગ્ય મદદ કરવા માટે અપીલ કરી હતી. ચાંદની ચોકના લોકો રાજુભાઈ મિલન, નાનભાઈ બિલખિયા, ફારૂક લીલા, બશીરભાઈ ફુટવાળાએ આભાર માન્યો હતો.

# અમરેલી ખાતે 'આધુનિક ખેતી પદ્ધતિ પ્રદર્શન' કૃષિ મેળાનું આયોજન

અમરેલી, તા.૨૮



કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, વસ્ત્ર મંત્રાલય અને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા અમરેલી ખાતે 'આધુનિક ખેતી પદ્ધતિ પ્રદર્શન' કૃષિ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંસદ ભરતભાઈ સુતરિયા અને કુલપતિ વી.પી. ચોવટીયાના અધ્યક્ષ સ્થાને મેળાનું ઉદ્ઘાટન થયું હતું. જેમાં વિવિધ આધુનિક કૃષિ ટેક્નોલોજી, કપાસનું સંશોધન અને પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓ પ્રદર્શિત કરાઈ. સ્પેશિયલ કોટન પ્રોજેક્ટ અંતર્ગત પેમ્ફલેટ અને પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. પ્રગતિશીલ ખેડૂતોનું સન્માન થયું અને કૃષિ વૈજ્ઞાનિકોએ કપાસના વાવેતર, તલની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ, અને ગુલાબી ઈયળ નિયંત્રણ જેવા વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું. ખેડૂતોએ આધુનિક ખેતી સાધનો, બિયારણ, ક્લીનીંગ-પેકેજિંગ અને ટેક્નોલોજી પ્રદર્શન નિહાળ્યું હતું.

**તંત્રી લેખ**

# ગંગા કિનારે હવે સુનકાર છવાયેલો છે

જ્યાં કરોડો ભાવિકો ગંગા સ્નાન કરતા હતા તે કિનારો હવે સુનો પડ્યો છે. પ્રયાગરાજ મહાકુંભ સમાપન થઈ ચૂક્યો છે. ત્યારે, નિર્જન મેળા વિસ્તારનો વીડિયો વાયરલ થયો છે. આ વીડિયો જોઈને અનેક લોકો ભાવુક થઈ ગયા છે. શિવરાત્રીના સ્નાન બાદ બીજા દિવસે ગંગા કિનારે એકદમ સન્નાટો છવાયેલો છે. તંબુ કાઢવામાં આવી રહ્યા છે મોટાભાગના લોકો ગંગા કિનારો છોડી જતા રહ્યા છે. મહાકુંભની આ તસવીર જોઈને દરેક હિન્દુ રડી પડશે, લોકોએ કહ્યું- ખૂબ જ વિચિત્ર લાગે છે, મહાકુંભનો વીડિયો સોશિયલ મીડિયા પર વધુને વધુ વાયરલ થઈ રહ્યો છે. વાયરલ થઈ રહેલા વીડિયોમાં પોલીસકર્મીએ મહાકુંભના મેળાનો વિસ્તાર બતાવ્યો છે. લોકોએ ઘણી ટિપ્પણીઓ કરી છે. મહાકુંભનું સમાપન થયું છે. ભક્તો પોતાના ઘરે પાછા ફર્યા છે. સાધુઓ અને મહાત્માઓ પણ પોતપોતાના સ્થળોએ ગયા છે. મેળામાં જેમણે દુકાનો બનાવી હતી તેઓ પણ પોતાનો સામાન પેક કરીને ચાલ્યા ગયા છે. જે જગ્યાએ કરોડો લોકોની ભીડ હતી, ત્યાં હવે કોઈ નથી. કિનારે ઘાટ પર થોડા લોકો દેખાય છે. મેળામાં ફરજ પર તૈનાત પોલીસકર્મીઓ પણ હવે ધીમે ધીમે પોતાના સ્થાન પર પાછા ફરી રહ્યા છે. આવી સ્થિતિમાં, મહાકુંભ મેળાનો વિસ્તાર હવે ઉજ્જડ દેખાવા લાગ્યો છે, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. મહાકુંભ સૂમસામ થઈ ગયો છે. મહાકુંભને લગતા વીડિયો જોઈને લોકો ભાવુક થઈ રહ્યા છે. ૧૩ જાન્યુઆરીથી ચાલી રહેલો મહાકુંભ ૨૬ ફેબ્રુઆરીના રોજ પૂર્ણ થયો હતો. લગભગ ૪૫ દિવસ સુધી ચાલેલા આ મહાકુંભમાં ૬૬ કરોડ ભક્તોએ સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી હતી. હવે પ્રયાગરાજની ભીડભાડવાળી શેરીઓ ઉજ્જડ થઈ ગઈ છે. ભક્તો આખા વર્ષ દરમિયાન સંગમમાં સ્નાન કરવા આવતા રહે છે. તો ૨૭ ફેબ્રુઆરીની રાત્રે પણ, પ્રયાગરાજ સંગમમાં ભક્તો સ્નાન કરતા જોવા મળ્યા, જેમની સંખ્યા હજારોમાં હશે. જે ઘાટ પર લગભગ ૪૫ દિવસ સુધી દર મિનિટે લાખો ભક્તો સ્નાન કરતા હતા, ત્યાં હવે ફક્ત હજારો ભક્તો છે. અમે પ્રયાગરાજ સંગમના નાકા વિશે વાત કરી રહ્યા છીએ. હવે, જ્યારે વાહનો સીધા પ્રયાગરાજ સંગમ પહોંચી રહ્યા છે, ત્યારે ત્યાં આવતા ભક્તો સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી રહ્યા છે. વાયરલ વીડિયો મહાકુંભ વિસ્તારનો છે. આ વીડિયોમાં મેળાનો વિસ્તાર સંપૂર્ણપણે ઉજ્જડ દેખાય છે. થોડા લોકો અહીં અને ત્યાં બેઠેલા દેખાય છે. આ વીડિયો શેર કરતી વખતે, કેપ્શનમાં લખ્યું છે, 'કરોડોની ભીડ સાથેનો મહાકુંભ ઉજ્જડ થઈ ગયો.' આ વીડિયો cop_hariom નામના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પરથી શેર કરવામાં આવ્યો છે. આ વીડિયોને અત્યાર સુધીમાં ૭ લાખ ૫૬ હજારથી વધુ લાઈક્સ મળી ચૂક્યા છે. અને લાખો લોકોએ આ વીડિયો જોયો છે. આ વાયરલ વીડિયો પર લોકોએ ઘણી ટિપ્પણીઓ કરી છે. આના પર ટિપ્પણી કરતા એક યુઝરે લખ્યું, 'આ જોઈને સારું નથી લાગતું. એવું લાગે છે કે બધું હવાની જેમ ઉડી ગયું છે. ગઈકાલ સુધી આટલી ભીડ હતી, આજે બધું અચાનક ગાયબ થઈ ગયું છે.' એક યુઝરે પૂછ્યું કે 'શું કાર મેળા વિસ્તારમાં જઈ રહી છે?' એક યુઝરે લખ્યું કે 'હું આવીશ.' એક યુઝરે લખ્યું, 'ભાઈ આટલી બધી મૌન કેમ છે.' એક યુઝરે લખ્યું કે, 'હવે કોઈપણ આરામથી સ્નાન કરી શકશે.' એક યુઝરે લખ્યું કે, 'તે ખૂબ જ વિચિત્ર લાગે છે. ગંગા કિનારે હવે ગણ્યાગાંઠ્યા લોકો જોવા મળે છે.' મહાકુંભ સમાપ્ત થયો પરંતુ તેની યાદ ઈતિહાસ બનીને રહી ગઈ છે.

# દેશના નાના મોટા નગરોમાં પ્રદૂષણનું પ્રમાણ ચિંતાજનક સ્તરે વધી રહ્યુ છે

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ગત સપ્તાહે દિલ્હીની નવી સરકારે યમુનાનું પ્રદૂષણ અટકાવવા માટે તાત્કાલિક પગલાં લેવાનું શરૂ કર્યું છે. આ ઉપરાંત અહીં વાયુ પ્રદૂષણ પણ ઘટે તે માટે સરકાર ગંભીરતાથી વિચારી રહી છે. વર્તમાન સમયમાં શહેરી વિસ્તારમાં પ્રદૂષણનું પ્રમાણ માની ન શકાય તેટલું વધી રહ્યું છે. વિશ્વના પ્રદૂષિત શહેરોમાં સૌથી વધુ ભારતના શહેરોનો સમાવેશ થાય છે પરંતુ સારી નિશાની એ છે કે સરકારના સઘન પ્રયાસોથી પ્રદૂષિત શહેરોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. સુરત, ઈન્દોર જેવા શહેરો તેનું ઉદાહરણ છે. માત્ર ભારતના જ નહીં પરંતુ વિશ્વના સૌથી મોટા શહેરોમાં પ્રદૂષણનું પ્રમાણ હદ બહાર વધી રહ્યું છે અને ઉકેલ માટે અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે છતાં તેનું ધાર્યું પરિણામ આવતું નથી. વિકાસને નામે થતું પ્રદૂષણ સૌથી ગંભીર બાબત છે.


વિશ્વના ૫૦ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી ૪૨ ભારતના છે, જેમાં નવ એકલા યુપીના છે; જાણો કોણ નંબર વન પર છે? સૌથી પ્રદૂષિત શહેરની માહિતી એકત્ર કરવામાં આવી ત્યારે ચોંકાવનારા આંકડા બહાર આવ્યા કે વિશ્વના પ્રદૂષિત શહેરોમાં ભારતનો પણ નંબર છે. વિશ્વના ૫૦ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી ૪૨ ભારતમાં છે, જેમાંથી ૯ ઉત્તર પ્રદેશમાં છે. આ યાદીમાં દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, હાપુડ, ગુરુગ્રામ, ફરીદાબાદ, સોનીપત, ભિવાની, મુઝફ્ફરનગર, રોહતક, ભિવાડી, આગ્રા, ઈટાવા, ફતેહપુર સિક્રી, ફિરોઝાબાદ, મેરઠ વગેરે શહેરોનો સમાવેશ થાય છે. નીતિ આયોગના ભૂતપૂર્વ સીઈઓ અમિતાભ કાંતે તેને સ્થાનિક વહીવટી સંસ્થાની મોટી નિષ્ફળતા ગણાવી છે.

ભારતમાં પ્રદૂષિત શહેરોની સંખ્યા સૌથી વધુ છે. સ્વચ્છ ભારત અભિયાન ચાલતું હોવા છતાં આમ શા માટે બને છે તે વિચારવા જેવો પ્રશ્ન છે. નીતિ આયોગના ભૂતપૂર્વ સીઈઓ અમિતાભ કાંતે તેને સ્થાનિક વહીવટી સંસ્થાની મોટી નિષ્ફળતા ગણાવી. તેઓ બુધવારે રાજસ્થાનના નિમલીમાં સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટ (CSE) દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા. આ પ્રસંગે તેમણે કહ્યું કે આપણે સુરત અને ઈન્દોર જેવા શહેરોના સફળ મોડેલનું અનુકરણ કરવાની જરૂર છે. ભારતમાં બે નગરો એવા છે જેમાં પ્રદૂષણનું પ્રમાણ નહીવત છે. આ વર્ષ ૨૦૨૪ ના આંકડા છે. રાષ્ટ્રીય સ્વચ્છ હવા કાર્યક્રમ (NCAP) ની છઠ્ઠી વર્ષગાંઠ પર પ્રકાશિત થયેલા રેસ્પાયર લિવિંગ સાયન્સના અહેવાલ મુજબ, ભારતીય શહેરોમાં ૨૦૧૯ અને ૨૦૨૪ વચ્ચે PM ૨.૫ સ્તરમાં સરેરાશ ૨૭ ટકાનો ઘટાડો થવાનો અંદાજ છે.

વાયુ પ્રદૂષણ સામેની લડાઈમાં પ્રગતિ દેખાય છે. રિસ્પાયરના એટલાસ AQ પ્લેટફોર્મના ડેટાના આધારે, અભ્યાસમાં NCAP શહેરોમાં પ્રદૂષણમાં ૨૪ ટકાનો ઘટાડો જોવા મળ્યો. આ ઘટાડો વાયુ પ્રદૂષણ સામેની લડાઈમાં પ્રગતિ દર્શાવે છે. જોકે, રાષ્ટ્રીય રાજધાની દિલ્હી (૧૦૭ માઈક્રોગ્રામ પ્રતિ ઘનમીટર) અને આસામનું બુર્નીહાટ (૧૨૭.૩ માઈક્રોગ્રામ પ્રતિ ઘનમીટર) ૨૦૨૪માં સૌથી પ્રદૂષિત શહેરોમાં રહ્યા. આ ઉપરાંત, ગુરુગ્રામ (૯૬.૭ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર), ફરીદાબાદ (૮૭.૧ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર), શ્રીગંગાનગર (૮૫.૫ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર) અને ગ્રેટર નોઈડા (૮૩.૯ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર) જેવા શહેરોમાં પણ પ્રદૂષણનું ઉચ્ચ સ્તર જોવા મળ્યું છે, જેના પર તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે.


૨૦૨૪ માં હવા ગુણવત્તા પ્રદર્શનના મુખ્ય મુદ્દાઓ ૨૦૧૯ અને ૨૦૨૪ વચ્ચે તમામ દેખરેખ હેઠળના શહેરોમાં PM ૨.૫ ના સ્તરમાં ૨૭ ટકાનો ઘટાડો થયો છે. પ્રદૂષણઃ ૨૦૨૪માં કેટલાક શહેરો દેશમાં સૌથી પ્રદૂષિત હતા તેમાં વારાણસી વધુ સારું હતું; આખો રિપોર્ટ તમને ચોંકાવી દેશે. પ્રદૂષિત શહેરોમાં વારાણસીની સ્થિતિ સારી હતી. તાજેતરમાં લેવાયેલા પગલાથી આ ધાર્મિક નગરમાં પ્રદૂષણનું પ્રમાણ ઓછું થઈ ગયું છે. ૨૦૨૪ સુધીમાં ભારતીય શહેરોમાં PM ૨.૫ ના સ્તરમાં સરેરાશ ૨૭ ટકાનો ઘટાડો થવાનો અંદાજ હતો. જોકે, ૨૦૨૪ માં બુર્નિહાટ (૧૨૭.૩ g/m૩) અને દિલ્હી (૧૦૭ g/m૩) સૌથી પ્રદૂષિત શહેરોમાં રહ્યા. વારાણસીમાં ૭૬.૪ ટકાનો નોંધપાત્ર ઘટાડો થયો હતો. ઉત્તરીય પ્રદેશોમાં, દિલ્હી-એનસીઆર, રાજસ્થાન, હરિયાણા અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યો હજુ પણ ગંભીર પ્રદૂષણનો સામનો કરી રહ્યા છે. ૨૦૨૪ માં બુર્નીહાટ અને દિલ્હી દેશમાં સૌથી વધુ પ્રદૂષિત હતા. ભારતીય શહેરોમાં વાયુ પ્રદૂષણમાં ૨૭ ટકાનો ઘટાડો નોંધાયો છે. વારાણસીમાં ૭૬.૪ ટકાનો ઘટાડો થયો અને તે સૌથી શ્રેષ્ઠ રહ્યો. રાષ્ટ્રીય સ્વચ્છ હવા કાર્યક્રમ (NCAP) ની છઠ્ઠી વર્ષગાંઠ પર પ્રકાશિત થયેલા રેસ્પાયર લિવિંગ સાયન્સના અહેવાલ મુજબ, ભારતીય શહેરોમાં ૨૦૧૯ અને ૨૦૨૪ વચ્ચે PM ૨.૫ સ્તરમાં સરેરાશ ૨૭ ટકાનો ઘટાડો થવાનો અંદાજ હતો. આ એક સારી વસ્તુ છે જે વાયુ પ્રદૂષણ સામેની લડાઈમાં પ્રગતિ દર્શાવે છે.

બુર્નીહાટ-દિલ્હી જેવા હોટસ્પોટ્સને રોકવા માટે લક્ષિત કાર્યવાહી કરવાની ખાસ જરૂર છે. રિસ્પાયર લિવિંગ સાયન્સના સ્થાપક રોનક સુતારિયા કહે છે કે ભારતમાં હવાની ગુણવત્તાની વાત આશા અને સાવધાનીનું મિશ્રણ છે. વારાણસીમાં ૭૬.૪ ટકાનો નોંધપાત્ર ઘટાડો થયો છે, પરંતુ દિલ્હી એનસીઆર, રાજસ્થાન, હરિયાણા અને ઉત્તર પ્રદેશ જેવા ઉત્તરીય પ્રદેશો હજુ પણ ગંભીર પ્રદૂષણનો સામનો કરી રહ્યા છે. બુર્નીહાટ અને દિલ્હી જેવા હોટસ્પોટ્સને રોકવા માટે લક્ષિત કાર્યવાહી અને સ્થાનિક જન જાગૃતિ મહત્વપૂર્ણ છે. ૨૦૧૯ અને ૨૦૨૪ વચ્ચે તમામ દેખરેખ હેઠળના શહેરોમાં PM ૨.૫ ના સ્તરમાં ૨૭ ટકાનો ઘટાડો થયો. શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા શહેરો નીચે મુજબ છે. વારાણસી (૭૬ ટકા) અને મુરાદાબાદ (૫૮ ટકા) એ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. અન્ય નોંધપાત્ર શહેરોમાં કાલાબુર્ગી (-૫૭.૨ ટકા), મેરઠ (-૫૭.૧ ટકા), કટની (-૫૬.૩ ટકા) અને આગ્રા (-૫૪.૧ ટકા)નો સમાવેશ થાય છે, જે સ્થાનિક જન જાગૃતિનું પરિણામ છે. ૨૦૨૪ માં ભારતના સૌથી પ્રદૂષિત શહેરોમાં બુર્નીહાટ (૧૨૭.૩ g/m૩) અને દિલ્હી (૧૦૭ g/m૩)નો સમાવેશ થાય છે. દક્ષિણ અને પશ્ચિમના શહેરોમાં સતત સુધારો જોવા મળ્યો, જ્યારે ફરીદાબાદ, ગુરુગ્રામ અને ગાઝિયાબાદ જેવા ઉત્તરીય શહેરો ખરાબ હવા ગુણવત્તા સાથે સંઘર્ષ કરી રહ્યા હતા.



**શહેરી પ્રદૂષણને અટકાવવા માટે હવે પગલા લેવાનો સમય આવી ગયો છે. શહેરોમાં મુખ્યત્વે ઔદ્યોગિક અને ડોમેસ્ટિક પોલ્યુશનનું પ્રમાણ વધુ છે. આ ઉપરાંત ગંદા પાણીનો નિકાલ પણ પ્રદૂષણ વધારે છે. સરકાર વાયુ પ્રદૂષણ અને જળ પ્રદૂષણને અટકાવવા માટે સાદા પ્રયાસ કરી રહી છે.**

## શબ્દ સંજોગ-૧૯૫૯



**આડી ચાવી :**
(૧) એક ફૂલ (૪)
(૩) ઝીણો તાવ (૪)
(૫) રસકસથી ભરેલુ, તાજુ (૨)
(૬) પતિ, કાંત, પિયુ (૨)
(૮) પાઠ, ઘડો (૩)
(૯) જ્ઞાન, ઉપદેશ (૨)
(૧૧) મહાભાગ્યશાળી (૪)
(૧૩) અંધારુ, તમ (૨)
(૧૪) મરનારની મિલકતનો હકદાર (૩)
(૧૬) એક......ત્યાં તેર તૂટે (૨)
(૧૭) સગા સૌ... ના (૨)
(૧૮) ઘણા દીવાઓનો સામટો પ્રકાશ (૩)
(૨૦) ...મુઠ્ઠી લાખની (૨)
(૨૧) બોર (૩)
(૨૨) બળ, શક્તિ (૨)
(૨૩) એક રાશિ (૨)
(૨૪) એક પક્ષી (૩)
(૨૫) સારી ગતિ પામેલુ (૪)
(૨૬) વસંત ઋતુનો પાક (૨)

**ઉભી ચાવી :**
(૧) ગાયને ગળે લટકતી ગોદડી જેવી ચામડી (૫)
(૨) ધ્યાન ન રાખો તો ગાય મારે (૨)
(૩) ફાયદો, ફતેહ (૪)
(૪) એક ફૂલ ઝાડ (૩)
(૫) "જબ કૂતે પર સસ્સા આયા.... બાદશાહને શહર બસાયા" (૨)
(૭) ઝાડના મૂળનો જાડો ભાગ (૨)
(૮) કાયદા પ્રમાણે કાચી વયનું (૩)
(૧૦) પૂરજોશમાં (૫)
(૧૨) મતલબ, તાત્પર્ય (૩)
(૧૫) એક તંતુવાદ્ય (૩)
(૧૭) પોતે પોતાને (૩)
(૧૯) ફળના રસનું પીણુ (૪)
(૨૦) ભાઈ, સગો (૩)
(૨૧) એક પશુ (૩)
(૨૨) આ પાત્ર તો સર્કસમાં જ (૩)

## શબ્દ સંજોગ-૧૯૫૮ જવાબ

**આડી ચાવીઃ** (૧) વગર (૩) કરજ (૬) બરફ (૭) વખત (૯) નગર (૧૧) નવ (૧૩) સન (૧૪) ન (૧૫) જનમ (૧૭) સમર (૧૯) કનવ(કવન) (૨૧) બરડ (૨૩) લવણ (૨૫) નફરત (૨૮) લસણ (૩૦) નત (૩૨) નજર (૩૩) ળકણ(કળણ). **ઉભી ચાવીઃ** (૧) વજન (૨) રબર (૩) કફન (૪) જય (૫) પતન (૮) ખસમ (૧૦) ગરમ (૧૨) વજન (૧૬) નવલ (૧૭) સજન (૧૮) રબર (૧૯) કડ (૨૦) કણ (૨૨) રતલ (૨૪) વતન (૨૬) ફરજ (૨૭) કણક (૨૯) સળ (૩૧) તન.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૨૧ | ૧૪૯૭ |
| ઘઉં લોકવન | ૫૧૫ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૦૩ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૯૩૬ |
| બાજરી | ૩૭૦ | ૫૪૦ |
| તુવેર | ૧૩૩૦ | ૧૪૭૦ |
| ચણા પીળા | ૯૮૦ | ૧૦૪૫ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૯૫૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૪૯૦ |
| મગ | ૧૩૫૦ | ૧૬૮૦ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૧૭૦ |
| ચોળી | ૧૭૬૦ | ૨૪૭૬ |
| વટાણા | ૧૦૯૦ | ૧૫૨૫ |
| કળથી | ૭૨૦ | ૭૨૦ |
| મગફળી જાડી | ૯૨૦ | ૧૧૨૭ |
| મગફળી જીણી | ૯૪૦ | ૧૨૬૦ |
| તલી | ૧૭૮૦ | ૨૨૨૫ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૪૦ |
| સુવા | ૭૦૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૭૬૩ | ૭૯૪ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૩૦ |
| કાળા તલ | ૩૬૦૦ | ૫૧૯૧ |
| લસણ | ૮૦૦ | ૧૫૦૦ |
| ધાણા | ૧૧૪૦ | ૧૯૮૦ |
| મરચા સુકા | ૯૭૦ | ૨૫૦૦ |
| ધાણી | ૧૧૭૦ | ૨૨૮૦ |
| વરીયાળી | ૧૦૫૦ | ૧૪૭૦ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૨૦૦ |
| રાય | ૧૦૨૦ | ૧૩૧૫ |
| મેથી | ૯૮૦ | ૧૨૮૮ |
| અશેરીયો | ૧૦૫૦ | ૧૧૫૦ |
| કલોંજી | ૩૩૫૧ | ૩૩૫૧ |
| રાયડો | ૯૫૦ | ૧૦૮૦ |
| ગુવારનું બી | ૮૭૦ | ૮૭૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૨૦૦ | ૧૭૦૦ |
| તરબુચ | ૨૦૦ | ૪૦૦ |
| બટેટા | ૧૭૦ | ૨૭૦ |
| ડુંગળી સુકી | ૧૮૦ | ૫૧૦ |
| ટમેટા | ૬૦ | ૧૨૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૨૦૦ |
| સકરીયા | ૩૦૦ | ૬૫૦ |
| મુળા | ૨૫૦ | ૫૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૫૦ | ૮૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૨૫૦ |
| ભીંડો | ૯૦૦ | ૧૧૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૪૦૦ |
| ટીંડોળા | ૬૦૦ | ૧૧૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૮૦૦ |
| સરગવો | ૪૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૭૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| વટાણા | ૪૦૦ | ૭૦૦ |
| તુવેરસીંગ | ૩૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૫૦ |
| મેથી | ૨૦૦ | ૩૫૦ |
| વાલ | ૫૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૩૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૭૦૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૮૦૦ |
| મકાઇ લીલી | ૧૬૦ | ૨૪૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૨૦ | ૨૯૦ |
| રીંગણાં | ૨૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૧૦૦ | ૧૬૦ |
| કોબીજ | ૮૦ | ૧૦૦ |
| ટામેટા | ૧૦૦ | ૧૫૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ગાજર | ૨૬૦ | ૩૧૦ |
| દૂધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૬૧૦ | ૯૧૦ |
| ગલકા | ૪૧૦ | ૫૧૦ |
| મુળા | ૨૦૦ | ૨૪૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૨૧૦ | ૨૬૦ |
| વટાણા | ૫૦૦ | ૬૦૦ |
| ચોળા લીલાં | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| ચણાં લીલા | ૭૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૫૨૦ | ૭૨૦ |
| આદુ | ૯૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૨૫૦ | ૩૧૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૫૨૦ | ૬૨૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| વાલ | ૫૦૦ | ૬૦૦ |
| સરગવો | ૪૨૦ | ૬૨૦ |
| લીમડો મીઠો | ૨૨૦ | ૩૭૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૪૦૦ | ૪૮૦ |
| લસણ લીલુ | ૬૦૦ | ૮૦૦ |
| લસણ સુકુ | ૧૦૧૦ | ૧૩૧૦ |
| મકાઈ | ૧૫૦ | ૩૦૦ |
| લીંબુ | ૧૬૦૦ | ૧૭૦૦ |
| પાલક | ૬૧૦ | ૭૧૦ |
| તુવેર | ૫૦૦ | ૬૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૧૦ | ૧૦૭૩ |
| શિંગ મોટી | ૮૧૦ | ૧૧૦૦ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૨૬૬ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૨૬૨ |
| તલ કાળા | ૪૧૦૦ | ૫૦૩૦ |
| જુવાર | ૭૨૦ | ૯૨૨ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૮૦ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૬૩૫ |
| અડદ | ૧૦૨૫ | ૧૪૨૦ |
| ચણા | ૯૧૫ | ૧૦૪૨ |
| તુવેર | ૯૦૯ | ૧૪૧૭ |
| કપાસ | ૮૭૦ | ૧૪૮૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૨૫ |
| ધાણા | ૯૦૦ | ૧૭૭૦ |
| સોયાબીન | ૬૭૦ | ૭૫૩ |
| મરચા લાંબા | ૩૩૦ | ૨૭૫૦ |
| ધાણી | ૯૫૦ | ૨૪૫૦ |
| તલકશ્મીરી | ૨૩૪૮ | ૨૬૪૫ |
| સફેદચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૨૦ | ૧૫૦૦ |
| કપાસ મીડીયમ | ૧૧૭૫ | ૧૩૬૫ |
| મગફળી જી૨૦ | ૧૦૨૫ | ૧૦૯૫ |
| ચણા | ૧૦૨૭ | ૧૦૫૩ |
| તુવેર | ૧૨૮૫ | ૧૪૦૫ |
| જીરૂ | ૩૪૭૫ | ૪૧૨૫ |
| ધાણા | ૧૨૪૫ | ૧૭૨૫ |
| **બગસરા** | | |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૯૯ |
| ઘઉં ટુકડા | ૪૦૩ | ૬૧૨ |
| ચણા | ૯૮૦ | ૧૦૧૫ |
| સોયાબીન | ૫૦૦ | ૭૨૫ |
| તુવેર | ૮૦૦ | ૧૪૨૫ |
| મગફળી | ૭૬૦ | ૯૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૭૦૫ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૦૫૦ |
| મગફળી | ૭૬૦ | ૯૦૦ |
| જુવાર | ૮૦૫ | ૮૦૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| મગફળી | ૯૩૦ | ૯૬૫ |
| ઘઉં | ૪૭૫ | ૫૧૦ |
| ચણા | ૯૭૦ | ૯૭૦ |
| સફેદ તુવેર | ૧૧૫૫ | ૧૪૦૦ |
| અડદ | ૧૫૫૧ | ૧૫૫૧ |
| ધાણા | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ધાણી | ૧૬૫૦ | ૧૬૫૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૫૫૧ | ૧૦૧૯ |
| તલ પીળા | ૨૧૦૦ | ૨૩૮૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૭ |
| બાજરો | ૪૮૯ | ૬૩૮ |
| ઘઉં ટુકડા | ૪૯૧ | ૬૧૨ |
| જુવાર | ૪૦૦ | ૮૭૬ |
| તુવેર | ૧૩૮૦ | ૧૪૧૪ |
| ચણા | ૭૫૦ | ૧૨૫૦ |
| રાય | ૮૭૨ | ૯૮૦ |
| સોયાબીન | ૭૪૦ | ૭૫૧ |
| રાય | ૮૭૨ | ૯૮૦ |
| ધાણા | ૯૫૧ | ૧૯૫૧ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૬૨૫ |
| મગ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૮૧ | ૧૦૬૯ |
| શીંગ મોટી | ૧૦૨૦ | ૧૦૯૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૦૧૧ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૧૭૫ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૭૦ |
| ઘઉ લોકવન | ૫૧૧ | ૫૮૬ |
| ઘઉ ટુકડા | ૫૨૫ | ૬૨૧ |
| બાજરો | ૪૫૦ | ૫૧૧ |
| જુવાર | ૬૦૦ | ૭૨૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૭૦ |
| ચણા | ૧૦૩૦ | ૧૧૦૪ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૫૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૨૫ |
| સોયાબીન | ૭૦૦ | ૭૭૦ |
| દેશી ચણા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| અજમા | ૨૩૨૦ | --- |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૧૬૨ | ૧૪૬૩ |
| કપાસ સી ગ્રેડ | ૨૪૦ | ૨૪૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી૨૦ | ૧૦૦૦ | ૧૦૯૪ |
| મગફળી ૩૨નં | ૯૭૦ | ૧૦૨૫ |
| બાજરી હાઈબ્રીડ | ૪૫૦ | ૬૦૫ |
| ઘઉં | ૪૨૫ | ૬૦૧ |
| રાયડો | ૮૫૦ | ૯૫૮ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૩૬ |
| જુવાર | ૫૦૦ | ૧૦૦૦ |
| ચણા | ૮૭૦ | ૧૦૨૫ |
| જી.તલ | ૧૮૦૦ | ૨૧૮૫ |
| સોયાબીન | ૭૦૦ | ૭૭૦ |
| ધાણા | ૯૦૦ | ૧૪૩૦ |
| કપાસ | ૧૧૬૦ | ૧૪૩૭ |
| એરંડી | ૧૦૨૫ | ૧૧૮૦ |
| મેથી | ૮૦૦ | ૯૮૦ |
| રાય | ૧૦૦૦ | ૧૦૭૦ |
| કાંગ | ૪૫૦ | ૫૭૩ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૫૦ | ૧૪૭૬ |
| ચણા | ૧૦૧૭ | ૧૦૪૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૦૦ |
| તુવેર | ૧૩૩૩ | ૧૩૩૩ |
| ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૫૦ |
| ચણા | ૯૦૧ | ૧૦૫૧ |
| તુવેર | ૮૦૧ | ૧૩૭૧ |
| મગફળી | ૭૦૧ | ૧૦૬૬ |
| શિંગફાડા | ૯૦૧ | ૧૦૫૧ |
| જીરૂ | ૧૩૭૬ | ૩૪૯૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૬૮૧ |
| સોયાબીન | ૬૦૦ | ૭૨૧ |

# PF પર વ્યાજ દર ૮.૨૫% પર જળવાઈ રહેવાનો અંદાજ, EPF ખાતામાં રૂ.૧ લાખ પર રૂ.૮,૨૫૦ વ્યાજ મળશે

નવી દિલ્હી, તા.૨૮

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે પીએફ ખાતામાં જમા રકમ પરનો વ્યાજ દર ૮.૨૫% પર જાળવી રાખવાની અપેક્ષા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) ના સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝે શુક્રવારે મળેલી બેઠકમાં આ નિર્ણય લીધો છે. અગાઉ, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે વ્યાજ દર ૮.૧૫% થી ૦.૧૦% વધારીને ૮.૨૫% કરવામાં આવ્યો હતો. જ્યારે ૨૦૨૨-૨૩માં, તે ૦.૦૫% વધીને ૮.૧૦% થી ૮.૧૫% થયો. ૮.૨૫% ના દરે, જો તમારા EPF ખાતામાં ૧ લાખ રૂપિયા જમા છે, તો તમને વાર્ષિક ૮,૨૫૦ રૂપિયા વ્યાજ મળશે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે, સરકારે પીએફ પરનો વ્યાજ દર ઘટાડીને ૮.૧૦% કર્યો હતો, જે ૪૩ વર્ષમાં સૌથી ઓછો હતો. દેશના લગભગ ૭ કરોડ કર્મચારીઓ પીએફના દાયરામાં આવે છે. EPFO એક્ટ હેઠળ, કર્મચારીના મૂળ પગાર અને DA ના ૧૨% પીએફ ખાતામાં જાય છે. તે જ સમયે, કંપની કર્મચારીના મૂળ પગારના ૧૨% વત્તા ડીએનું પણ યોગદાન આપે છે. કંપનીના ૧૨% યોગદાનમાંથી ૩.૬૭% પીએફ ખાતામાં જાય છે અને બાકીનો ૮.૩૩% પેન્શન યોજનામાં જાય છે. કર્મચારીના યોગદાનના બધા પૈસા પીએફ ખાતામાં જાય છે.

# પેટીએમમાં વપરાશકર્તાઓને રીઅલ ટાઇમ માહિતી મળશે : AIની મદદથી સર્ચ કરી શકશે

નવી દિલ્હી, તા.૨૮

ફિનટેક કંપની પેટીએમએ એઆઈ સ્ટાર્ટઅપ પરપ્લેક્સિટી સાથે ટાઈઅપની જાહેરાત કરી છે. હવે યુઝર્સને પેટીએમ એપ પર એઆઈ ઈન્ટિગ્રેટેડ સર્ચ વિકલ્પ મળશે. આ સુવિધા દ્વારા, વપરાશકર્તાઓ સ્થાનિક ભાષામાં રિયલ ટાઈમ ઈન્ફોર્મેશન અને ફાઈનાન્શિયલ ઈનસાઈટ્સ એક્સેસ કરી શકશે. કંપનીએ ગુરુવારે (૨૭ ફેબ્રુઆરી) એક્સચેન્જ ફાઈલિંગમાં આ માહિતી આપી હતી. કંપનીનું કહેવું છે કે આ સુવિધા વપરાશકર્તાઓની નાણાકીય સાક્ષરતામાં વધારો કરશે. વપરાશકર્તાઓ બેંકિંગ, રોકાણ અને ખર્ચ સંબંધિત માહિતી સરળતાથી મેળવી શકશે. આનાથી તેમને નાણાકીય બાબતો સંબંધિત નિર્ણયો લેવામાં મદદ મળશે. દરમિયાન, પરપ્લેક્સિટીના સીઈઓ અરવિંદ શ્રીનિવાસે જણાવ્યું હતું કે આ ટેકનોલોજી લોકોને વાસ્તવિક સમયમાં વિશ્વસનીય માહિતી પૂરી પાડવામાં મદદ કરશે. એન્જિન સ્ટાર્ટઅપ કંપની છે. પરપ્લેક્સિટીની સ્થાપના ૨૦૨૨માં IIT મદ્રાસના સ્નાતક અરવિંદ શ્રીનિવાસ દ્વારા કરવામાં આવી હતી. અરવિંદ શ્રીનિવાસ ઓપન એઆઈમાં એઆઈ સંશોધક તરીકે પણ કામ કરી ચૂક્યા છે. ગૂગલ સર્ચના સ્પર્ધક પરપ્લેક્સિટીએ તાજેતરમાં $૫૦૦ મિલિયનનું ભંડોળ એકત્ર કર્યું છે. અગાઉ, કંપનીએ TripAdvisro સાથે પણ આવી જ રીતે જોડાણ કર્યું હતું.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# વેરાવળ નગરપાલિકામાં સ્વિમિંગ પુલના સમારકામના નામે ૨૨.૨૨ લાખ રૂપિયાની ગેરરીતિ આચરવામાં આવી

ગીરસોમનાથ,તા.૨૮

ગીર સોમનાથમાં વેરાવળમાં પ્રાદેશિક કમિશનરની તપાસમાં વેરાવળ નગરપાલિકામાં ભ્રષ્ટાચાર બહાર આવ્યો છે. ભ્રષ્ટાચારના આક્ષેપોને લઈ કમિશનરે વધુ તપાસ માટે સરકારને રિપોર્ટ સુપરત કર્યો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વેરાવળ ન.પા.માં ૬૯.૪૦ ટકા મતદાન થયું હતું. ભાજપ શાસિત વેરાવળ નગરપાલિકામાં વિવિધ કામો માટે ફાળવવામાં આવેલા ભંડોળમાં ભ્રષ્ટાચારનો આરોપ લગાવતો સ્ફોટક અહેવાલ પ્રાદેશિક કમિશનરે આપ્યા બાદ મોટો હોબાળો મચી ગયો છે. કમિશનરે રિપોર્ટમાં જણાવ્યું હતું કે સ્વિમિંગ પુલના સમારકામના નામે ૨૨.૨૨ લાખ રૂપિયાની ગેરરીતિ આચરવામાં આવી છે. સ્વિમિંગ પુલના સમારકામનું કામ શહેરના યુવા ભાજપ મહામંત્રીની એજન્સીને સોંપવામાં આવ્યું છે અને જશરાજ એન્ટરપ્રાઈઝને કોઈપણ



દરખાસ્ત કે મંજૂરી વિના ચુકવણી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે શહેરના યુવા ભાજપ મહામંત્રી યજ્ઞેશ સિરોદરિયા છે અને તે જશરાજ એન્ટરપ્રાઈઝ પણ ચલાવે છે. યુવા ભાજપ મહાસચિવ યજ્ઞેશ સિરોદરિયાએ પોતાની કંપની દ્વારા સ્વિમિંગ પુલનું સમારકામ પોતાની સત્તા પર કરાવ્યું હતું. પરંતુ લાખો રૂપિયા લીધા પછી પણ તપાસમાં બહાર આવ્યું કે સ્વિમિંગ પુલ પર કોઈ કામ થયું નથી. વેરાવળમાં થયેલા ટેન્ડર કૌભાંડ બાદ વધુ એક કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. પુરાવા બહાર આવ્યા કે નગરપાલિકામાં વહીવટ એક સ્થાનિક પેઢીની જેમ ચલાવવામાં આવી રહ્યો હતો.

# ઉનાના કાણકબરડામાં પ્રાથમિક શાળાના આચાર્ય વિરૂદ્ધ કાર્યવાહી કરવા ગ્રામજનોની માગણી

ઉના, તા.૨૮

ઉનાના કાણકબરડાની ગ્રામ પંચાયત અને લોકોએ પ્રાથમિક શાળાનાં આચાર્ય દિનેશ સામે ગામની દીકરીને પ્રેમજાળમાં ફસાવી ભગાડી ગયાના આરોપ સાથે પ્રાંત કચેરી ખાતે આવેદનપત્ર આપ્યું હતું. તેમણે આવેદનપત્રમાં ચીમકી ઉચ્ચારી હતી કે, જો આચાર્ય વિરૂદ્ધ કાર્યવાહી નહીં કરવામાં આવે તો ઉગ્ર આંદોલન કરાશે. ગ્રામજનોએ વધુમાં જણાવ્યું



તસવીર : કૈલાશ ભટ્ટ

હતું કે, ગામની સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા આચાર્ય દિનેશભાઈ ગઈ તા.૧૭/૨ના રોજ અમારા ગામની દીકરી અરૂણાબેન મેરુભાઈ સોલંકીને પોતાની પ્રેમજાળમાં ફસાવી, ફોસલાવી અને ભગાડી લઈ ગયેલ છે. જે બાબતે અમો પંચાયત તથા ગ્રામજનો ખુબ જ રોષ વ્યકત કરીએ છીએ. જે જગ્યાએ બાળકોને સારું શિક્ષણ મળે તેવી જગ્યાએ આવા આચાર્ય હોય ત્યાં કોઈ દીકરીઓ સુરક્ષિત રહી શકે નહી જે હેતુથી અમો આ આવેદન પત્ર લખીને રજૂઆત કરીએ છીએ કે આ દિનેશભાઈ આચાર્યના અગાઉ લગ્ન થયેલ હોવા છતાં પણ અમારા ગામની દીકરીને પ્રેમજાળમાં ફસાવી અને માનવ અધિપતનનો ગુનો કરેલ છે, જે એક ગંભીર બાબત છે.

# ગીરગઢડા તાલુકામાં બાગાયતી પાક નિષ્ફળ જવાથી તાત્કાલીક સર્વે કરાવવા રજૂઆત

ઉના, તા.૨૮

ગીરગઢડા તાલુકામાં મોટા ભાગનો એટલે કે ૬૦ થી ૭૦ ટકા જેટલો વિસ્તાર બાગાયતી પાક કેસર કેરીનું ઉત્પાદન કરે છે. એટલે ખેડૂતોની આજીવિકા રોજીરોટી બાગાયત પાક ઉપર આધારીત હોય આ વર્ષે પણ ખેડૂત? ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે. કારણ કે આ વર્ષે કેરીનો પાક નિષ્ફળ ગયેલ છે. આંબામાંથી ૧૦ ટકા જ આવરણ આવ્યું છે. બાકીનો પાક બળી ગયો છે. બાગાયતી ખેતી કરતા ખેડૂતો વર્ષમાં એક જ પાક લેતા હોય છે. તેમાં તેમનું ગુજરાન ચલાવતા



તસવીર : કૈલાશ ભટ્ટ

હોય છે. પાક નિષ્ફળ જવાથી ખેડૂતો ખૂબ જ દેવાદાર બની ગયેલ છે. ખેડૂતોની હાલત ખુબ જ ખરાબ છે. દયનીય સ્થિતિમાં છે. બાગાયતી વૃક્ષો પર્યાવરણને ફાયદો કરે છે પણ આવી જ સ્થિતિ રહેશે તો ખેડૂતો આંબાના ઝાડ કાપવા મજબૂર બનશે. એટલે અમારી સરકાર પાસે માંગણી છે કે આ પ્રશ્ન અંગે ગંભીરતાથી વિચારવામાં આવે અને અમારા ગીરગઢડા તાલુકા માટે તાત્કાલિક અધિકારીઓની ટીમ બનાવીને બાગાયતી વિસ્તારનો સર્વે કરાવી ખેડૂતોને આર્થિક સહાય મળે તેવી માંગ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને લેખિત રજૂઆત કરી હતી.

# ગોંડલની નાનીબજારમાં જર્જરિત મકાન આખરે તંત્ર દ્વારા તોડી પડાયું

ગોંડલ,તા.૨૮

ગોંડલની નાનીબજારમાં ધારશી પારેખની શેરીની સામે આવેલા અતિ જર્જરિત મકાનને નગરપાલિકા દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું.

લતાવાસીઓ દ્વારા વારંવાર રજૂઆત છતાં કોઈ પગલાં ન લેવાતાં આંદોલનની ચીમકી આપવામાં આવી હતી, જેના પગલે આખરે તંત્રએ કાર્યવાહી કરી હતી. આ જર્જરિત મકાન અંદાજે ત્રીસ વર્ષથી બંધ હાલતમાં હતું અને ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી દહેશત હતી. ટ્રાફિકથી ધમધમતી નાનીબજારમાં



તસવીર : ભોજાણી દેવાંગ

આવેલા આ મકાનનો મલબો રાહદારીઓ કે સામે આવેલી દુકાનો પર પડે તો જાનહાનિ સાથે મોટી દુર્ઘટના સર્જાય તેવી સંભાવના હતી.

આ સમગ્ર કાર્યવાહી દરમિયાન નગરપાલિકાના ચીફ ઓફિસર અશ્વિનભાઈ વ્યાસ, પીજીવીસીએલ, ટાઉન પ્લાનિંગ શાખાના અધિકારી, સેનિટેશન ઈન્સ્પેક્ટર કેતનભાઈ મકવાણા અને નગરપાલિકા સદસ્ય સહિતના અધિકારીઓ સ્થળ પર હાજર રહ્યા હતા.

# ગીર સોમનાથના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંબુજાનગર ખાતે કિસાન સન્માન સમારોહ યોજાયો

ગીર સોમનાથ. તા.૨૮

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૧૯મો હપ્તો તા.૨૬ના રોજ બિહારના ભાગલપુર ખાતે આયોજિત કાર્યક્રમમાં વડાપ્રધાન દ્વારા રિલિઝ કરવામાં આવ્યો હતો. જેનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંબુજાનગર ખાતે જિલ્લા ખેતીવાડી ગીર સોમનાથના સંયુક્ત ઉપક્રમે જીવંત પ્રસારણ અને કિસાન સમ્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મંજુલાબેન મુછાળ, પ્રમુખ, જિલ્લા પંચાયત, ગીર સોમનાથ, સ્નેહલ ભાપકર, ડીડીઓ-ગીર સોમનાથ, રાજવીરસિંહ ઝાલા, ઉપ પ્રમુખ, જિલ્લા પંચાયત, ગીર સોમનાથ,



ડાયાભાઈ, ચેરમેન કારોબારી સમિતિ, સ્કોડન લીડર- સંજય વશિષ્ઠ, PCM અંબુજા સિમેંટ લી. અંબુજાનગર, ઉમાશંકર ચૌધરી, PCM-અંબુજા સિમેંટ લી. અંબુજાનગર, દલસુખ વઘાસીયા, રિજનલ પ્રોગ્રામ ડાયરેક્ટર, અંબુજા ફાઉન્ડેશન, જીતેન્દ્રસિંહ, વરિષ્ઠ વૈજ્ઞાનિક વડા, કેવિકે, અંબુજાનગર, ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કૃષિ સંલગ્ન ૧૪ જેટલા સ્ટોલનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૬૨૦ જેટલા ખેડૂત ભાઈઓ-બહેનોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં કેવિકે, આત્મા પ્રોજેક્ટ અને ખેતીવાડી ખાતું-ગીર સોમનાથની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે રાજકોટ જિલ્લાની પાંચ નગરપાલિકાના પ્રમુખ પદ માટે સેન્સ પ્રક્રિયા યોજાઈ

ગોંડલ, તા.૨૮

રાજ્યમાં તા.૧૬ ફેબ્રુઆરીના રોજ સ્થાનિક સ્વરાજની ચૂંટણી તેમજ પેટાચૂંટણી યોજાઈ જેમાં રાજકોટ જિલ્લાની ૫ નગરપાલિકા જેમાં જેતપુર, ધોરાજી, જસદણ, ઉપલેટા અને ભાયાવદર નગરપાલિકામાં ચૂંટણી યોજાઈ હતી. જેમાં પાંચેય નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાતા આજરોજ ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે સેન્સ પ્રક્રિયા યોજાઈ



તસવીર : ભોજાની દેવાંગ

હતી. ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે પાંચ નગરપાલિકાના પ્રમુખ - ઉપપ્રમુખ સાથે કારોબારી ચેરમેન, દંડક અને શાસક પક્ષના નેતા આ પાંચ મહત્વના ખાતા ફાળવવા માટે પાંચેય નગરપાલિકાના ચૂંટાયેલા સદસ્યો સેન્સ આપવા ગોંડલ યાર્ડ ખાતે આવી પહોંચ્યા હતા. જ્યાં પ્રદેશ ભાજપમાંથી નિરીક્ષક તરીકે ઝવેરભાઈ ઠકરાર - ગુજરાત પ્રદેશ મહામંત્રી અને હિરેનભાઈ હિરપરા - ગુજરાત પ્રદેશ કિસાન મોરચા મહામંત્રી ગોંડલ સેન્સ માટે આવી પહોંચ્યા હતા. સાથે રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઇ હેરભા, રવિભાઈ માંકડીયા સહિતના લોકો સેન્સ પ્રક્રિયામાં જોડાયા હતા.

# સુરતમાં ગજેરા પરિવાર દ્વારા દીકરીના જન્મ દિવસની તિથિ મુજબ અનોખી ઉજવણી

સુરત, તા.૨૮

સુરતમાં હિરેન ગજેરા તથા તેમના પરિવારે ભારતીય દિનદર્શિકાને અનુસરીને ગુજરાતી તિથિ મુજબ તેમની દીકરી 'જાનકી'ના જન્મ દિવસની અનોખી ઉજવણી કરી હતી. ભારતીય તિથિ મુજબ દીકરીના જન્મ દિવસને ઉજવવાની સાથે આ દિવસે વિદ્યાર્થીઓમાં દેશના ઈતિહાસ અને સંસ્કૃતિ પ્રત્યે હકારાત્મક લાગણી બંધાય અને તેમનામાં વૈચારિક શક્તિની વૃદ્ધિ થાય, તેવા ઉદ્દેશ્ય સાથે પ્રેરણાત્મક બોધકથાના પુસ્તકોનું વિતરણ કર્યું હતું. એક અનોખી પહેલ દ્વારા આ પરિવારે સાંસ્કૃતિક ગુલામીથી મુક્તિ મેળવવા માટેનો પ્રયાસ કર્યો છે. આવી જ રીતે દરેક ભરતવાસીએ પોતાના



પરિવારમાં આવતા પ્રસંગો તથા તેની વર્ષગાંઠને આપણી દિનદર્શિકા મુજબ મનાવવી જોઈએ તેવો અનુરોધ કર્યો છે.

# વડતાલ લક્ષ્મીનારાયણ ગાદીના આચાર્ય, સંતો, મહંતોએ મહાકુંભમાં સ્નાન કર્યું

કોડીનાર, તા.૨૮

પ્રયાગરાજ મહાકુંભમાં વડતાલ લક્ષ્મીનારાયણ દેવ ગાદીના ધર્મકુળભૂષણ ૧૦૦૮ આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજ, વડતાલ ગાદીના નવમાં વંશજ ૧૦૮ ભાવિ આચાર્ય નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ, બાળલાલજી યજ્ઞેન્દ્રપ્રસાદજી અને સંતો-હરિભક્તો સાથે ત્રિવેણી સંગમે સ્નાન માટે પહોંચ્યા હતા. જેમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો, ભાવિક ભક્તો દ્વારા પ્રયાગરાજમાં



આચાર્ય કોડીનમહારાજ અને લાલજી મહારાજ, બાળ લાલજી મહારાજની ઘોડાની બગીમાં વાજતે ગાજતે શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

# ગીર ગઢડામાં જુગારધામ ઝડપાયું, ૬ જુગારીઓની ધરપકડ

ગીર ગઢડા, તા.૨૮

ગીર ગઢડા પોલીસે બાતમીના આધારે નવાપરા વિસ્તારમાં ગરબી ચોક પાસે દરોડો પાડી જુગારધામ ઝડપી પાડ્યું હતું. પોલીસે ઘટના સ્થળેથી ૬ જુગારીઓની ધરપકડ કરી હતી અને તેમની પાસેથી રોકડ રૂપિયા ૨૩,૪૦૦, ૩ મોબાઈલ ફોન અને ૧ મોટરસાયકલ સહિત કુલ ૮૪,૪૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસ ઈન્સ્પેક્ટર વાય. આર. ચૌહાણના માર્ગદર્શન હેઠળ,



સર્વેલન્સ સ્ટાફના એએસઆઈ ડી. જે. સિંધવ અને પોલીસ કોન્સ્ટેબલ હિતેશભાઈ અરશીભાઈને બાતમી મળી હતી કે ગીર ગઢડાના નવાપરા વિસ્તારમાં ગરબી ચોક પાસે કેટલાક લોકો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડ્યો હતો અને જુગાર રમતા ૬ લોકોને રંગેહાથે ઝડપી પાડ્યા હતા. ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ ગટુભાઈ લખમણભાઈ મકવાણા, મનુભાઈ ભગાભાઈ શિયાળ, પ્રતાપભાઈ કરશનભાઈ સાંખટ, નાથાભાઈ સામતભાઈ મેર, તોકીરભાઈ હાજીભાઈ સમા અને ભાવનાબેન મનુભાઈ ઘેલાભાઈ સોરઠીયા તરીકે થઈ છે.

# કોડીનાર ખાતે સૌરાષ્ટ્ર ઝોન કક્ષાની ચાણક્ય ક્રિકેટ ટુર્નામેન્ટમાં દેવભૂમિ દ્વારકા ટીમનો વિજય




ગીર સોમનાથ, તા.૨૮

ચાણક્ય ક્રિકેટ ટુર્નામેન્ટ-સૌરાષ્ટ્ર ઝોન ૨૦૨૫ની ટુર્નામેન્ટ કોડીનાર ખાતે યોજવામાં આવી હતી. કુલ નવ જિલ્લાની ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલમાં દેવભૂમિ દ્વારકા અને ગીર સોમનાથની ટીમ પહોંચી હતી. ભારે રસાકસી બાદ છેલ્લા બોલે ચાર રન મારી જીતી રહેલી ગીર સોમનાથની ટીમને હરાવી દેવભૂમિ દ્વારકા ટીમે યજમાન ટીમ તેમજ હાજર સૌને શોકમગ્ન બનાવી દીધા હતા.

# ગોંડલના ભગવતસિંહજી બાલાશ્રમની પાંચ દીકરીઓનો વેવિશાળ પ્રસંગ સંપન્ન

ગોંડલ, તા.૨૮

ગોંડલમાં રાજાશાહી સમયનાં ભગવતસિંહજી બાલાશ્રમ ખાતે ૨ માર્ચના રોજ પાંચ દીકરીઓનાં શાહી લગ્ન યોજાશે. તે નિમિત્તે સોમવારે પાંચેય દીકરીઓનાં વેવિશાળનો પ્રસંગ ધામધૂમપૂર્વક યોજાયો હતો. જેનાં લગ્ન યોજાશે તે પૈકી રુચિતા, શિલ્પા, ખમ્મા, દયા અને ગુડ્ડીનું વેવિશાળ અનુક્રમે ગોંડલ, રાજકોટ, રામોદ, ધોરાજી અને જામજોધપુરનાં યુવાનો સાથે સાસરી પક્ષનાં વડીલોની હાજરીમાં સંપન્ન થયું હતું.



ધારાસભ્ય ગીતાબા, પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા, અશોકભાઈ પીપળીયા, મનસુખભાઈ સખીયા, બાલાશ્રમ ચેરમેન અનિતાબેન રાજ્યગુરુ, નગરપાલિકા પ્રમુખ અશ્વિનભાઈ રૈયાણી, ઉપપ્રમુખ પરીતાબેન ગણાત્રા, કારોબારી અધ્યક્ષ ક્રિપાલસિંહ જાડેજા સહિત નગરપાલિકાનાં સદસ્યો, ચીફ ઓફિસર અશ્વિનભાઈ વ્યાસ દીકરીઓનાં માવતર બન્યાં હતાં. આ ઉપરાંત જિલ્લા ભાજપ ઉપપ્રમુખ રીનાબેન ભોજાણી, શહેર ભાજપ પ્રમુખ ઉપેન્દ્રસિંહ ચુડાસમા, માર્કેટ યાર્ડનાં પૂર્વ ચેરમેન ગોપાલભાઈ શિંગાળા, કનકસિંહ જાડેજા સહિત આગેવાનોએ દીકરીઓને આશીર્વાદ આપ્યા હતા. સાથોસાથ લગ્ન લખવાની વિધિ પણ યોજાઈ હતી.

## -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા - વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે અમો જમીનના માલીક કંચનબેન મગનભાઈ પાંચાણીની કબજા ભોગવટાની માલીકીની બોટાદ જીલ્લાના ગઢડા તાલુકાના રસનાળ ગામે આવેલ જુની શરતની ખેતીની જમીન જેના રે.સ.નં.૧૦૨/૨, હે.આરે.૦-૫૯-૬૯ વાળી જમીન પુરેપુરી અથવા તે પૈકીના હિસ્સાનુ વેચાણથી આપવાનુ નકકી કરેલ હોય અને આ બાબતનો ગઢડા સબરજીસ્ટ્રાર કચેરીમાં ખરીદનારની તરફેણનો વેચાણ દસ્તાવેજ ટુંક સમયમાં નોંધાવવાનો હોય તથા જમીનનો કબજો સોપવાનો હોય તેથી આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ કે અમો યાને જમીનના માલીક સદરહુ જમીન ચોખ્ખા ટાઈટલ હોવાનુ જણાવી ઉપરોકત જમીન અને તેની સાથે જોડાયેલા સુખાધિકારના હકકો, પરત્વે કોઈ વ્યકતી, શખ્સ, સંસ્થા, પેઢી કંપની, અસોસીએશન, બેન્ક, નાણાકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, લાગભાગ, બાનાખત, સાટાખત, મોબદલાના કરાર, અને અન્ય કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ મિલ્કત પરત્વેના ભરણ, પોષણનો હકક હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ - ૭(સાત) માં દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નિચે જણાવ્યા મુજબના સરનામે જાણ કરવી આ સમય દરમ્યાન આ જમીનના વેચાણ સામે વાંધાઓ નહી આવે તો ઉપરોકત સર્વે નંબર વાળી જમીનના ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે, તેમ માની અગર તો કોઈના હકક, હિસ્સા, હિત અધિકારો લાગભાગ આવેલા હોય તો તેઓએ જતા(વેવ) કરેલા છે, અથવા સદરહુ વેચાણ બાબતે તેમની સંપૂર્ણ સહમતી છે તેવુ માનીને વેચાણ વ્યવહારની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે અને ત્યારબાદ ભવિષ્યે આ બાબતે કોઈ પોતાના વાંધાઓ, તકરાર ઉભા કરશે તો તેવા વાંધા તકરાર અમોને કે ખરીદનારાઓને લાગુ પડશે નહી. જે બાબતની આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ.

**પત્ર વ્યવહારનું સરનામુ :-**
**સોહીલ મહેબુબભાઇ ખોખર (એડવોકેટ)**
**શાયોના લીગલ સર્વિસીઝ પ્રા.લી.**
**મુ.લાઠી, ઠે.મામલતદાર ઓફીસ સામે,**
**તા.લાઠી, જી.અમરેલી.મો.નં.૭૬૯૮૧ ૯૨૧૯૧.**

**નોટીસ પ્રસિધ્ધ કરનાર**
**સહી**
................................
**(કંચનબેન મગનભાઇ પાંચાણી)**

# ભારતના કડક વલણ બાદ પૂર્વી લદ્દાખમાં સાથે મળીને કામ કરવા ચીન તૈયાર

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૮



પૂર્વી લદ્દાખમાં ભારતના કડક વલણને કારણે ચીને પોતાનું વલણ બદલવાનું શરૂ કરી દીધું છે. ચીનના સંરક્ષણ મંત્રાલયે ૨૭મી ફેબ્રુઆરી ગુરુવારે જણાવ્યું હતું કે તેની અને ભારતીય સેના પૂર્વી લદ્દાખમાં ગતિરોધને સમાપ્ત કરવા માટે દરખાસ્તોનો ''વ્યાપક અને અસરકારક રીતે'' અમલ કરી રહી છે. તેમણે કહ્યું, ''સરહદીય વિસ્તારોમાં શાંતિ અને સૌહાર્દ જાળવવા માટે અમે ભારતીય પક્ષ સાથે મળીને કામ કરવા તૈયાર છીએ.'' પૂર્વી લદ્દાખ સેક્ટરમાં પરિસ્થિતિ સામાન્ય થવા અંગેના પ્રશ્નના જવાબમાં, ચીનના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા સિનિયર કર્નલ વુ કિયાને અહીં એક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, ''હાલમાં, ચીની અને ભારતીય સેનાઓ સરહદી વિસ્તારો સંબંધિત ઠરાવોનો વ્યાપક અને અસરકારક રીતે અમલ કરી રહી છે.'' તમને જણાવી દઈએ કે ગયા વર્ષના અંતમાં ભારત અને ચીન દ્વારા ડેપસાંગ અને ડેમચોકમાંથી સૈનિકો પાછા ખેંચવા માટે કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યા બાદ આ પ્રક્રિયા (સૈનિકો પાછા ખેંચવાની) પૂર્ણ થઈ ગઈ છે. પૂર્વી લદ્દાખના આ ૨ ઘર્ષણ બિંદુઓ પરથી સૈનિકો પાછા ખેંચી લેવા સાથે, ૪ વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા સંબંધોમાં મડાગાંઠનો અંત આવ્યો છે.

# આ વર્ષે માર્ચ મહિનો અસામાન્ય રીતે ગરમ રહેવાની સંભાવના

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૮



આ વર્ષે માર્ચ અસામાન્ય રીતે ગરમ રહેવાની સંભાવના છે, મહિનામાં મોટાભાગે દિવસ અને રાત્રિનું તાપમાન સામાન્ય કરતા વધારે રહેવાની ધારણા છે. દેશના કેટલાય ભાગોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરવાની સંભાવના છે. ભારતીય હવામાન વિભાગે આગામી મહિના એટલે કે માર્ચમાં અસામાન્ય અને રેકોર્ડતોડ ગરમી પડવાની ચેતવણી આપી છે. હવામાન વિભાગ અનુસાર, આગામી મહિને દેશના કેટલાય ભાગોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી શકે છે, જે આ મહિનામાં અસામાન્ય બાબત છે. એટલે કે આગામી મહિનો આ વર્ષે અસામાન્ય રીતે ગરમ રહેવાનો છે. હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે માર્ચ મહિનો રેકોર્ડતોડ ઉનાળાની શરૂઆત કરવા માટે તૈયાર છે.

હવામાન વિભાગના અધિકારીઓએ એવી ચેતવણી પણ આપી છે કે માર્ચમાં અતિશય તાપમાનમાં વધવાને કારણે ઘઉંના પાકને ભારે નુકસાન થઈ શકે છે. માર્ચ મહિનામાં લાંબા સમય સુધી તાપમાન સરેરાશ કરતા ઉપર રહે તો ઘઉંના પાકના ઉત્પાદનમાં ઘટાડો થવાની શક્યતા છે. ભારત વિશ્વમાં બીજા ક્રમનો સૌથી મોટો ઘઉં ઉત્પાદક દેશ છે પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી એટલે કે ૨૦૨૨ થી, ઘઉંનું ઉત્પાદન સતત ઘટી રહ્યું છે. તેથી, ભારત ૨૦૨૫ માં મોંઘા ઘઉં આયાત ન કરવા પડે એ માટે બમ્પર પાકની અપેક્ષા રાખે છે.

# રાજસ્થાનમાં નવા પ્રદેશ પ્રમુખનું સ્વાગત કરવા માટે ભાજપના કાર્યકરો વચ્ચે મારામારીની ઘટના

(એચ.એસ.એલ),જયપુર,તા.૨૮

રાજસ્થાનમાં શાસક ભારતીય જનતા પાર્ટી (ભાજપ) માટે ગુરુવારનો દિવસ શરમજનક રહ્યો. પાર્ટીના લઘુમતી મોરચાના રાજ્ય પદાધિકારીઓની બેઠક દરમિયાન નેતાઓ વચ્ચે વિવાદ થયો.

પરિસ્થિતિ એવી બની કે મિટિંગ દરમિયાન જ તેઓએ એકબીજાને લાતો અને મુક્કા મારવાનું શરૂ કરી દીધું. જયપુરમાં ભાજપ પ્રદેશ કાર્યાલય ખાતે નવા ચૂંટાયેલા પ્રદેશ પ્રમુખ મદન રાઠોડના સ્વાગત માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલા, લઘુમતી મોરચાના રાજ્ય પ્રમુખ હમીદ ખાન મેવતીના નેતૃત્વમાં મોરચાના અધિકારીઓની બેઠક ચાલી રહી હતી. રાજ્ય કાર્યકારી સમિતિના સભ્યો, જિલ્લા પ્રમુખ અને મહામંત્રી પણ બેઠકમાં હાજર રહ્યા હતા.

# પંજાબમાં નવી એક્સાઈઝ નીતિને કેબિનેટે મંજૂરી આપી, ૧૧,૦૨૦ કરોડની આવક એકત્ર કરવાનો લક્ષ્યાંક

(એચ.એસ.એલ),ચંડીગઢ,તા.૨૮



પંજાબ કેબિનેટે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે નવી આબકારી નીતિને મંજૂરી આપી છે. નવી આબકારી નીતિ દ્વારા, પંજાબ સરકાર નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં ૧૧,૦૨૦ કરોડ રૂપિયાની આવક એકત્ર કરવાનું લક્ષ્ય રાખે છે. મુખ્યમંત્રી ભગવંત માનની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં નવી એક્સાઈઝ નીતિને મંજૂરી આપવામાં આવી હતી. અહીં કેબિનેટની બેઠક બાદ મીડિયાને સંબોધતા, પંજાબના નાણા અને આબકારી મંત્રી હરપાલ સિંહ ચીમાએ જણાવ્યું હતું કે તેમનો વિભાગ આ વર્ષે માર્ચના અંત સુધીમાં રૂ. ૧૦,૨૦૦ કરોડ એકત્ર કરશે, જ્યારે ૨૦૨૪-૨૫ માટે રૂ. ૧૦,૧૪૫ કરોડનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

આબકારી મંત્રીએ માહિતી આપી કે પંજાબ સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૧૧,૦૨૦ કરોડ રૂપિયાની આવક એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. તેમણે કહ્યું કે પાછલી સરકારો દરમિયાન એક્સાઈઝ વિભાગમાંથી ૬,૧૦૦ કરોડ રૂપિયાની આવક મળી હતી. ચીમાએ જણાવ્યું હતું કે નવી આબકારી નીતિ હેઠળ, દારૂની દુકાનોની ફાળવણી ઈ-ટેન્ડર પ્રક્રિયા દ્વારા કરવામાં આવશે. તેમણે કહ્યું કે દેશી દારૂના ક્વોટામાં ત્રણ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

# બિહારમાં ૨૦૧૧-૧૨ની સરખામણીમાં અર્થતંત્રમાં સાડા ત્રણ ગણો વધારો થયો

(એચ.એસ.એલ),પટણા,તા.૨૮

બિહાર વિધાનસભાનું બજેટ સત્ર શુક્રવાર, ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયું. નવા રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાનનું સંબોધન વિપક્ષી સભ્યોના હોબાળા વચ્ચે થયું. આ પછી, નાણા વિભાગ હેઠળની સ્વાયત્ત સંસ્થા, બિહાર પબ્લિક ફાઈનાન્સ એન્ડ પોલિસી ઈન્સ્ટિટ્યૂટ દ્વારા તૈયાર કરાયેલ બિહાર આર્થિક સર્વે ૨૦૨૪-૨૫ રજૂ કરવામાં આવ્યો. આ અહેવાલમાં બિહારનો વિકાસ દર્શાવવામાં આવ્યો છે. ઉદ્યોગથી લઈને નાણાં સુધી. આર્થિક સર્વેક્ષણની ૧૯મી આવૃત્તિના આ અહેવાલમાં નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ને આધાર વર્ષ તરીકે લેવામાં આવ્યું છે અને દર્શાવવામાં આવ્યું છે કે બિહારે કુલ રાજ્ય સ્થાનિક ઉત્પાદનમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી છે. ૨૦૧૧-૧૨માં બિહારનું અર્થતંત્ર ૨.૪૭ લાખ કરોડ રૂપિયા હતું, જે ૨૦૨૩-૨૪માં ૮.૫૪ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચ્યું. તેમાં લગભગ સાડા ત્રણ ગણો વધારો થયો છે.

# ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ આ અઠવાડિયાના અંતમાં સમાપ્ત : બીજા તબક્કાની વાટાઘાટો શરૂ થશે

(એચ.એસ.એલ),ગાઝા,તા.૨૮



યુદ્ધવિરામ હેઠળ ઈઝરાયલ ગાઝામાં વ્યૂહાત્મક કોરિડોરમાંથી પીછેહઠ કરશે નહીં. એક અધિકારીએ આ અંગે માહિતી આપી છે. ઈઝરાયલના આ નિર્ણયથી યુદ્ધવિરામ અંગે હમાસ અને મુખ્ય મધ્યસ્થી ઈજિપ્ત સાથે કટોકટી સર્જાઈ શકે છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચેનો યુદ્ધવિરામ આ અઠવાડિયાના અંતમાં સમાપ્ત થઈ રહ્યો છે. બીજા તબક્કાની વાટાઘાટો હજુ શરૂ થવાની બાકી છે. આગળ શું થશે તે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પશ્ચિમ એશિયાના રાજદૂત સ્ટીવ વિટકોફની મુલાકાત પર નિર્ભર રહેશે. આગામી દિવસોમાં વિટકોફ આ વિસ્તારની મુલાકાત લે તેવી અપેક્ષા છે. હમાસે કહ્યું છે કે ઈઝરાયલ માટે ગાઝામાં બંધક બનાવેલા ડઝનબંધ લોકોની મુક્તિ મેળવવાનો એકમાત્ર રસ્તો આ કરારને વળગી રહેવું છે. હમાસે અત્યાર સુધીમાં લગભગ ૨,૦૦૦ પેલેસ્ટિનિયન કેદીઓના બદલામાં આઠ મૃતદેહો સહિત ૩૩ બંધકોને સોંપી દીધા છે.

# નેપાળમાં ૬.૧ ની તીવ્રતાનો ભૂકંપ, કોઈ જાનહાનિ ન થતા લોકોમાં રાહત

(એચ.એસ.એલ),કાઠમાંડૂ,તા.૨૮



ફેબ્રુઆરીના છેલ્લા દિવસની સવારની શરૂઆત નેપાળમાં ભૂકંપના આંચકાથી થઈ છે, જેના આંચકા ભારતના બિહારમાં પણ અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૫ માપવામાં આવી હતી. જોકે, રાહતની વાત એ છે કે અત્યાર સુધી કોઈ જાનહાનિ થઈ નથી. ભૂકંપની દ્રષ્ટિએ નેપાળની નાજુક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, અધિકારીઓએ લોકોને સતર્ક રહેવાની અપીલ કરી છે. સૂત્રો અનુસાર, બિહાર ઉપરાંત સિલિગુડી સહિત અન્ય ઘણા વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. સ્થાનિક સમય મુજબ રાત્રે ૨:૩૬ વાગ્યે ભૂકંપ આવ્યો. ભારતની સાથે, તિબેટ અને ચીન સહિતના કેટલાક પડોશી વિસ્તારોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા.

મોડી રાત્રે ૨:૫૧ વાગ્યે ૬.૧ ની તીવ્રતાનો ભૂકંપ પણ નોંધાયો હતો, જેનું કેન્દ્ર સિંધુપાલચોક જિલ્લાના ભૈરવકુંડમાં હતું. નેપાળના ઘણા વિસ્તારોમાં, ખાસ કરીને પૂર્વી અને મધ્ય ભાગોમાં, ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

# ભાજપ સરકાર દલિત વિરોધી માનસિકતા ધરાવે છે : રાહુલ ગાંધી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૮



કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે ભાજપ સરકાર દલિત વિરોધી માનસિકતા ધરાવે છે. તેમણે કહ્યું કે દલિતોના અધિકારોનું રક્ષણ કરતા રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગની ઈરાદાપૂર્વક અવગણના કરવામાં આવી છે. છેલ્લા એક વર્ષથી તેના બે મહત્વપૂર્ણ પદ ખાલી પડ્યા છે. તેમણે કહ્યું કે આ કમિશન એક બંધારણીય સંસ્થા છે. તેને નબળું પાડવું એ દલિતોના બંધારણીય અને સામાજિક અધિકારો પર સીધો હુમલો છે. રાહુલ ગાંધીએ કહ્યું કે જો કમિશન નહીં હોય તો સરકારમાં દલિતોનો અવાજ કોણ સાંભળશે? તેમની ફરિયાદો પર કોણ કાર્યવાહી કરશે ? પ્રધાનમંત્રીએ આયોગના તમામ પદો શક્ય તેટલી વહેલી તકે ભરવા જોઈએ જેથી તે દલિતોના અધિકારો અને હિતોનું રક્ષણ કરવાની પોતાની જવાબદારી અસરકારક રીતે પૂર્ણ કરી શકે.

# હિમાચલમાં ભારે વરસાદને કારણે ઘણા રસ્તાઓ અને હાઈવે બંધ, કુલ્લુના વિસ્તારો પાણીમાં ડૂબ્યા

શિમલા,તા.૨૮



હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા અને વરસાદને કારણે ભૂસ્ખલન થયું છે અને અનેક મુખ્ય રસ્તાઓ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગો બંધ થઈ ગયા છે, જેના કારણે ઘણા વિસ્તારોમાં રોજિંદુ જીવન ખોરવાઈ ગયું છે. લગભગ ૨૦૦ રસ્તાઓ બંધ થઈ ગયા છે, જેના કારણે કુલ્લુ, લાહૌલ અને સ્પીતિ, કિન્નૌર, ચંબા અને શિમલા જિલ્લાઓ સહિત ઘણા વિસ્તારો એકલા પડી ગયા છે. દરમિયાન, કુલ્લુમાં ભારે વરસાદને કારણે અખાડા બજાર અને ગાંધી નગર પાણીમાં ડૂબી ગયા હતા. રસ્તાઓ પાણીથી ભરાઈ ગયા છે, જેના કારણે રસ્તાની બાજુમાં પાર્ક કરેલા વાહનોને નુકસાન થયું છે.

# દિલ્હીમાં દારૂ નીતિને કોણે મંજૂરી આપી તેની પણ તપાસ થવી જોઈએ : કોંગ્રેસ


(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૬



દિલ્હી વિધાનસભામાં કેગ રિપોર્ટ રજૂ થયો ત્યારથી રાજકીય ગતિવિધિઓ અને આરોપ-પ્રતિઆક્ષેપો તેજ થયા છે. કથિત દારૂ કૌભાંડ અંગે અત્યાર સુધીમાં ફક્ત એક જ કેગ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે; ૧૩ રિપોર્ટ રજૂ કરવાના બાકી છે. પહેલા અહેવાલ પછી, ભાજપ અને કોંગ્રેસ આમ આદમી પાર્ટી પર હુમલો કરી રહ્યા છે. હવે આ મામલે કોંગ્રેસ નેતા સંદીપ દીક્ષિતની પ્રતિક્રિયા આવી છે. તેમણે કહ્યું કે દારૂ નીતિને કોણે મંજૂરી આપી તેની પણ તપાસ થવી જોઈએ. દિલ્હી કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ દેવેન્દ્ર યાદવે કહ્યું કે તત્કાલીન નાયબ રાજ્યપાલની ભૂમિકા પણ શંકાસ્પદ છે. જ્યારે એક્સાઈઝ પોલિસી બનાવવામાં આવી રહી હતી, ત્યારે ત્રણ કમિશનરો બદલવામાં આવ્યા, આવું કેમ થયું ? દારૂની નવી બ્રાન્ડના પ્રમોશનની પણ તપાસ કરવી જરૂરી છે.

# સુભાન નડિયાદવાલા, એક પ્રેમકથા ફિલ્મથી પોતાની અભિનય કારકિર્દીની શરૂઆત કરશે

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૮




આવનારા સમયમાં, સલમાન ખાન 'સિકંદર' તરીકે સિનેમાઘરો પર રાજ કરવા જઈ રહ્યો છે. આ ફિલ્મમાં રશ્મિકા મંડન્ના અને સત્યરાજ પણ જોવા મળશે. આજકાલ આ ફિલ્મની ખૂબ ચર્ચા થઈ રહી છે. આ દરમિયાન, માહિતી સામે આવી છે કે આ ફિલ્મ બનાવનાર વ્યક્તિનો પુત્ર હવે બોલિવૂડમાં પ્રવેશ કરવા જઈ રહ્યો છે.

અહીં આપણે સાજિદ નડિયાદવાલાના પુત્ર વિશે વાત કરી રહ્યા છીએ. સાજિદ અને સલમાન ખૂબ સારા મિત્રો છે. બંનેએ ઘણા પ્રોજેક્ટ્સમાં સાથે કામ કર્યું છે. સાજિદ પોતે 'સિકંદર'નું નિર્માણ કરી રહ્યા છે. પિંકવિલાના એક અહેવાલ મુજબ, તેમનો મોટો દીકરો, સુભાન નડિયાદવાલા, એક પ્રેમકથા ફિલ્મથી પોતાની અભિનય કારકિર્દીની શરૂઆત કરવા જઈ રહ્યો છે.

ફિલ્મ વિશે હજુ સુધી વધુ માહિતી જાહેર કરવામાં આવી નથી, પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે શશાંક ખેતાન સુભાનની ડેબ્યૂ ફિલ્મના દિગ્દર્શક હશે. શશાંક તેને એક તીવ્ર પ્રેમકથાવાળી ફિલ્મથી લોન્ચ કરવા જઈ રહ્યો છે. ફિલ્મની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે અને ૨૦૨૫ ના બીજા ભાગમાં શૂટિંગ શરૂ થઈ શકે છે.

# ઓસ્ટ્રેલિયા-અફઘાનિસ્તાન મેચ વરસાદને કારણે રદ થતા બંને ટીમને એક-એક પોઈન્ટ મળ્યા, ઓસ્ટ્રેલિયા સેમિફાઈનલમાં

લાહોર, તા.૨૮



ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં ઓસ્ટ્રેલિયા અને અફઘાનિસ્તાનની મેચ વરસાદને કારણે રદ કરી દેવામાં આવી હતી. આ સાથે ઓસ્ટ્રેલિયન ટીમ સેમિફાઈનલમાં પહોંચવામાં સફળ રહી છે. અફઘાનિસ્તાનની આશાઓ હવે શનિવારે કરાચી ખાતે યોજાનારી ઈંગ્લેન્ડ-સાઉથ આફ્રિકા મેચ પર આધાર રાખે છે. લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં અફઘાનિસ્તાને ટૉસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. અફઘાનિસ્તાનની ટીમ ૫૦ ઓવરમાં ૨૭૩ રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી. સિદીકુલ્લાહ અટલે ૮૫ અને અઝમતુલ્લાહ ઓમરઝાઈએ ૬૭ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી બેન દ્વારશીસે ૩ વિકેટ લીધી હતી. ૨૭૪ રનના ટાર્ગેટનો અફઘાનિસ્તાને આપ્યો હતો. ઓસ્ટ્રેલિયાએ એક વિકેટ ગુમાવીને ૧૦૯ રન બનાવ્યા હતા, પરંતુ પછી વરસાદ શરૂ થઈ ગયો અને મેચ થંભી ગઈ. ટ્રેવિસ હેડ ૪૦ બોલમાં ૫૯ રન બનાવી અને સ્ટીવ સ્મિથ ૨૨ બોલમાં ૧૯ રન સાથે અણનમ રહ્યા હતા. વરસાદને કારણે મેચ અનિર્ણિત રહી, તેથી બંને ટીમને એક-એક પોઈન્ટ આપવામાં આવ્યા હતા. ઓસ્ટ્રેલિયા હવે ૪ પોઈન્ટ સાથે સેમિફાઈનલમાં પહોંચી ગયું છે. બીજી તરફ, અફઘાનિસ્તાન અને સાઉથ આફ્રિકા બંને પાસે ૩ પોઈન્ટ છે, પરંતુ નેટ રન રેટમાં સાઉથ આફ્રિકા આગળ છે.

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું કચ્છમાં આગમન : વિશ્વપ્રસિદ્ધ સફેદ રણની મુલાકાત લીધી

કચ્છ, તા. ૨૮

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ કચ્છની બે દિવસીય મુલાકાતે આવી પહોંચ્યાં છે. તેઓ ૧:૦૫ વાગ્યે ભુજ એરપોર્ટ પર આવી પહોંચ્યાં હતાં. એરપોર્ટથી સીધાં સર્કિટ હાઉસ પહોંચ્યાં હતાં. જે બાદ રાષ્ટ્રપતિએ સ્મૃતિવનની મુલાકાત લીધી હતી. જ્યાંથી તેઓ વિશ્વપ્રસિદ્ધ સફેદ રણની મુલાકાત માટે ધોરડો આવી પહોંચ્યા છે. કચ્છની મુલાકાત



પહેલાં રાષ્ટ્રપતિએ ગાંધીનગરની મુલાકાત લીધી હતી, જ્યાં નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી (NFSU)નો ત્રીજો પદવીદાન સમારોહ તેમના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. ભુજમાં રાષ્ટ્રપતિના આગમન દરમિયાન એરપોર્ટ રોડથી કોલેજ રોડ સુધીના તમામ આંતરિક માર્ગો વાહનવ્યવહાર માટે બંધ રાખવામાં આવ્યા હતા. શહેરીજનો રસ્તાની બાજુમાં ઊભા રહી રાષ્ટ્રપતિના કાફલાને નિહાળતા જોવા મળ્યા હતા.

# વિકાસનો નવો અધ્યાય: ગુજરાતનું દેશના કુલ જી.ડી.પી.માં ૮.૩ ટકાનું યોગદાન

ગાંધીનગર,તા.૨૮

વિધાનસભા ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના સંબોધન માટે આભાર પ્રસ્તાવની ચર્ચામાં સહભાગી થતા ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૩થી ગુજરાતની વણથંભી વિકાસયાત્રા શરૂ થઇ હતી. સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્રને વરેલી રાજ્ય સરકારે આરોગ્ય, શિક્ષણ, આંતર માળખાકીય સુવિધાઓ, ઔદ્યોગિક, નીતિગત, સામાજિક જેવા તમામ ક્ષેત્રોમાં ઐતિહાસિક અને પરિવર્તનશીલ કામગીરી તેમજ જનકલ્યાણકારી યોજનાઓ દ્વારા લોકહિતના




અનેક કામો કરી રહી છે. ઉદ્યોગ મંત્રીએ જણાવ્યું કે, ગુજરાતે તમામ બાબતોમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અગ્રેસર રહી વિશ્વ ફલક ઉપર પોતાની અલગ ભાત ઉભી કરી છે. રાજય એક તરફ ઔદ્યોગિક વિકાસમાં હરણફાળ ભરી રહ્યું છે, તો બીજી તરફ રોજગારીની નવી તકો ઉભી થઇ રહી છે. ભારતની માત્ર ૫ ટકા વસ્તી ધરાવતું ગુજરાત હવે દેશના કુલ જી.ડી.પી.માં ૮.૩ ટકાનું યોગદાન આપી રહ્યું છે. વર્ષ ૨૦૦૩ થી ૨૦૧૩ સુધી ગુજરાતમાં વિકાસના નવા અધ્યાયની શરૂઆત થઈ. તેમના બહોળા સામાજિક અનુભવ, વહીવટી કુશળતા, સંશાધનોનો યોગ્ય ઉપયોગ કરવાની આવડત અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને કારણે છેવાડાના માનવી સુધી વિકાસની તકો પહોંચી છે.

# અંબાજીમાં રોપ-વે સુવિધા મેન્ટેનન્સના કારણે ૬ દિવસ બંધ


(એચ.એસ.એલ),અંબાજી,તા.૨૮

અંબાજી મંદિરમાં શકિતદ્વારે દર્શન કરી ભકતો ગબ્બર પર દર્શન કરવા જતા હોય છે. તો અમુક ભકતો ઉંમરના કારણે તો અમુક ભકતો શારિરીક તકલીફના કારણે ગઢ પર જતા નથી હોતા, તો અંબાજી મંદિર પર જતા લોકો માટે રોપ-વેની સેવા શરૂ કરી છે. પણ આ રોપ-વે ૬ દિવસ મેઈન્ટેનન્સ સર્વિસના કારણે બંધ રહેશે, રોપ-વે બંધ રહેશે પણ ગબ્બરના દર્શન ખુલ્લા રહેશે, જેથી જે ભક્તોને ઉપર દર્શન જવુ હોય તેઓને પગપાળા જવુ પડશે. જેમાં તારીખ ૩ થી ૮ માર્ચ સુધી રોપ-વે સેવા બંધ રાખવામાં આવનાર છે. જે બાદ ૯ માર્ચથી ફરી સેવા શરૂ કરવામાં આવે. અંબાજી ગબ્બર રોપ-વે બંધ હોવા છતાં પગપાળા દર્શન ચાલુ રહેશે, જેથી જે ભક્તોને દર્શન કરવા હોય તેઓ પગપાળા ગબ્બર ઉપર જઈ શકે છે. ગબ્બર પર ચાલતા જવાના ૯૯૯ પગથિયા છે અને ઉતરવાના ૭૬૫ પગથિયા છે. ગબ્બર પર અખંડ જ્યોતના દર્શન ભક્તો માટે ચાલુ રહેશે. રોપ-વે ભલે બંધ રહેશે, પણ ગબ્બરનાં તમામ દર્શન ખુલ્લા રહેશે.

# જૂનાગઢના મેળામાં "અતિથિ દેવો ભવ"ના ધજાગરા : વિદેશી યુવતીની જાહેરમાં છેડતી કરી

(એચ.એસ.એલ),જૂનાગઢ,તા.૨૮

જુનાગઢના મેળામાં જાહેરમાં વિદેશી યુવતી સાથે છેડતીનો બનાવ બન્યો છે. આપણે એક તરફ અતિથિ દેવો ભવનું વિશ્વ સ્તરે બ્રાન્ડિંગ કરીને મહેમાનોની આગતા-સ્વાગતા કરીએ છીએ. બીજી તરફ કેટલાક બનાવોને પગલે આપણું માથુ શરમથી ઝુકી જાય છે. આ બનાવની વાત કરીએ તો ગુજરાતની ગરિમાને ફરી એકવાર લાંછનરૂપ ઘટના બની



છે જેમાં ગુજરાતમાં આવેલી વિદેશી યુવતીની જાહેરમાં છેડતી કરવામાં આવી હતી. જૂનાગઢના ભવનાથના મેળામાં આ બનાવ બન્યો છે. જેનો વીડિયો પણ સામે આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, હાલ પ્રયાગરાજ ખાતે મહાકુંભ મેળાનું સમાપન થયું છે. તો બીજી તરફ જૂનાગઢમાં ભવનાથના મેળાનો પ્રારંભ થયો હતો. ભારતના આ ધાર્મિક તીર્થને માણવા માટે અસંખ્ય વિદેશી મહેમાનો આવ્યા પરંતુ આપણે વિદેશી મહેમાનોનું માનપાન ન સાચવી શક્યા. મહાશિવરાત્રી મેળામાં રવેડીમાં વિદેશી મહિલાની છેડતીનો વીડિયો સામે આવ્યો છે. યુવકે છેડતી કરતા વિદેશી મહિલાએ યુવકને મેથીપાક ચખાડ્યો હતો.

# વડાપ્રધાન મોદી આજથી ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે

જામનગર, તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૧ માર્ચથી ત્રણ દિવસ સુધી ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. વડાપ્રધાન મોદી આજે સાંજે જામનગર આવી પહોંચશે. તેઓ જામનગરમાં રાત્રી રોકાણ કરશે. જે બાદ રવિવારે સવારે ૭ વાગ્યે રિલાયન્સ રિફાઈનરી સ્થિત અનંત અંબાણીના પ્રાણી સંગ્રહાલય અને રેસ્ક્યુ સેન્ટર 'વનતારા'ની મુલાકાત લેશે. વનતારામાં લગભગ ૪ કલાક રોકાણ કરશે. જે બાદ સાસણ ગીર ખાતે નેશનલ વાઈલ્ડ લાઈફ કોન્ફરન્સનું આયોજન થયું છે. જેમાં ભાગ લેશે તેમજ સાસણમાં જ રાત્રી રોકાણ કરશે. સોમવારે સોમનાથ મહાદેવના દર્શન કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જામનગરની મુલાકાતે આવી રહ્યાં છે ત્યારે તેઓને આવકારવા માટે પ્રોટોકોલ મુજબ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જામનગર આવશે. આ ઉપરાંત રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પણ વડાપ્રધાનના સ્વાગત માટે જામનગર આવે તેવી શક્યતા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર આજે બપોરે જ જામનગર આવી જશે. તેમની સાથે ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ આવશે.

# રાજ્યમાં RTE હેઠળ એડમિશન માટે ઓનલાઈન ફોર્મ ભરાવાનું શરૂ

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત સરકાર દ્વારા ખાનગી સ્કૂલોમાં ૨૫% બેઠક ઉપર ગરીબ અને જરૂરિયાત વાળા બાળકોને ધોરણ ૧માં મફત પ્રવેશ માટે RTE (રાઈટ ટુ એજ્યુકેશન) હેઠળ પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરવાનું ૨૮ ફેબ્રુઆરીના શુક્રવારથી શરૂ થયું છે. ૧૨ માર્ચ સુધી વાલીઓ ઓનલાઈન ફોર્મ ભરી શકશે. અરજદારોએ ઓનલાઈન અરજી https://rte.ropgujarat.com પર કરી શકાશે. ગુજરાતના ૪૦ શહેર-જિલ્લાની ખાનગી સ્કૂલોની ૯૩,૫૨૭ સીટ પર ધો. ૧માં બાળકોને પ્રવેશ મળશે. આર્થિક નબળા-જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ ધો. ૮ સુધી ફ્રી એજ્યુકેશન મેળવી શકશે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક આવક મર્યાદા રૂ. ૧.૨૦ લાખ તો શહેરી વિસ્તારમાં આવક




મર્યાદા રૂ. ૧.૫૦ લાખ રાખવામાં આવેલી છે. જેમાં અલગ-અલગ ૧૩ કેટેગરીમાં અગ્રતા આપવામાં આવશે. RTE માં ગુજરાતમાં ૯૩,૫૨૭ સીટ પર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. પ્રથમ રાઉન્ડની સીટ ફાળવણી સૂચિ ૨૭ માર્ચે જાહેર કરવામાં આવશે. મહત્વનું છે કે, ખોટા ડોક્યુમેન્ટસના આધારે એડમીશન લેતા અમદાવાદમાં ૧૯૭, સુરતમાં ૧૦૮ વિદ્યાર્થીઓનાં એડમિશન રદ કરવામાં આવેલા છે.

# અમદાવાદમાં સગાઈ તોડી નાંખતા પૂર્વ મંગેતરે યુવકને કાર નીચે કચડ્યો, ચપ્પુના ઘા માર્યા

અમદાવાદ,તા.૨૮

અમદાવાદમાં વિચિત્ર બનાવ બન્યો છે. શહેરના શેલા વિસ્તારમાં બાઈક પર જતા યુવક પર તેની જ પૂર્વ મંગેતરે હુમલો કર્યો છે. યુવકે સગાઈ તોડી નાખતા યુવતીએ યુવક પર કાર ચડાવી દીધી હતી. યુવતી યુવકને ફોન કરીને વારંવાર હેરાન કરતા યુવકે નંબરો બ્લોક કર્યા હતા. એટલું જ નહિ, યુવતીએ યુવક પર તીક્ષ્ણ હથિયારથી હુમલો પણ



કર્યો. ત્યારે યુવકે બોપલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. અમદાવાદના શેલા વિસ્તારનો આ બનાવ છે. શેલામાં રહેતા જય પટેલ ઓટોમેશનનો વ્યવસાય કરે છે. જેમાં ૧૩ વર્ષ પહેલા જય પટેલની સગાઈ મહેસાણાના ચંદ્રકાન્તભાઈ પટેલની પુત્રી રિન્કુ ઉર્ફે રિન્કી સાથે થઈ હતી. તો બીજી તરફ સાટામાં સામસામે દીકરીના વહેવાર કરાયા હતા. જય પટેલની મોટી બહેન રોશનીની સગાઈ રિન્કુના ભાઈ ભાવેશ સાથે થઈ હતી. પરંતુ જયને રિન્કુ અને રોશનીને ભાવેશ સાથે મનમેળ ન આવતા સગાઈ તોડી નાખી હતી. આ બાદ જય પટેલના લગ્ન વર્ષ ૨૦૧૬ માં પાટણની મોનિકા નામની યુવતી સાથે થયા હતા. જય અને રિન્કુના અલગ અલગ જગ્યાએ લગ્ન થયા બાદ પણ રિન્કુ તેને હેરાન કરતી હતી.

# રાજયમાં 'ડિજિટલ ગુજરાત' અંતર્ગત બિન ખેતીની ૪૧૧૫ અરજીઓ મંજૂર કરાઈ

ગાંધીનગર,તા.૨૮

રાજ્ય સરકાર દ્વારા 'ડિજિટલ ગુજરાત' અંતર્ગત વર્ષ ૨૦૧૮ થી બિનખેતીની અરજીઓ માટે ઓનલાઈન મંજૂરી આપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જે હેઠળ તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ૪૧૧૫ બિન ખેતીની અરજીઓ મંજૂર કરવામાં આવી છે તેમ, વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો મહેસૂલ વિભાગ વતી ઉત્તર આપતાં મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું.




# કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા બે દિવસ પોરબંદર જિલ્લાની મુલાકાતે

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા પોરબંદર લોકસભા વિસ્તારના બે દિવસની મુલાકાતે આવનાર છે. પ્રવાસ કાર્યક્રમ દરમિયાન તેઓ લોકસભા વિસ્તારના જુદા જુદા કાર્યક્રમોમાં હાજરી આપશે. આજે સવારે ૧૧:૦૦ કલાકે સેવા સેતુ અને દિવ્યાંગ સાધન વિતરણ કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ સાંજે ૬:૦૦ કલાકે પોરબંદરના પ્રમુખ નાગરિકો સાથે બજેટ પર ચર્ચા કરશે. તારીખ બે માર્ચે મોકડ સાગર અભયારણની




મુલાકાત લઈ અને દિવસ દરમિયાન વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. સાંજે પાંચ કલાકે સર્વ જ્ઞાતિ સમૂહલગ્નની અંદર રાજકોટ ખાતે હાજરી આપ્યા બાદ તેઓ પરત દિલ્હી જવા રવાના થશે.

# સુરત-ભરૂચ હાઈવે પર CNG સ્વિફ્ટ કારમાં આગ : બે મુસાફરોનો આબાદ બચાવ

સુરત, તા.૨૮

સુરત-ભરૂચ નેશનલ હાઈવે નંબર ૪૮ પર આજે એક દર્દનાક ઘટના સામે આવી છે. માંગરોળના કોસંબા ઓવરબ્રિજ પર એક CNG સ્વિફ્ટ કારમાં અચાનક આગ લાગી હતી. જોકે કારમાં સવાર બે વ્યક્તિઓનો આબાદ બચાવ થયો છે. સુરતથી ભરૂચ તરફ જઈ રહેલી કારમાં અચાનક આગ લાગતા અફરાતફરી મચી ગ ઈ હતી. આગની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ટીમે પાણીનો



મારો ચલાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો. જો કે, ત્યાં સુધીમાં કાર સંપૂર્ણપણે બળીને ખાક થઈ ગઈ હતી. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન કરવામાં આવી રહ્યું છે. જો કે, આગનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી.







